" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 343 | AD - 2026, Bhadarva Sud-09 | Sunday, Dt. 20-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સદીઓ જૂની સાંસ્કૃતિક પરંપરાઓના આધારે આધુનિક આબોહવા પડકારોના ઉકેલ માટે ભારત કાર્યરત

# ભારત વિશ્વને પર્યાવરણ સંરક્ષણનો નવો માર્ગ બતાવી રહ્યું છેઃ વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે ભારત સદીઓથી પ્રકૃતિ અને પર્યાવરણ સાથે જોડાયેલા મુદ્દાઓ પર વિશ્વને માર્ગદર્શન આપતું આવ્યું છે. દેશની સમૃધ્ધ સાંસ્કૃતિક પરંપરા અને પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વના અનુભવોના આધારે ભારત આધુનિક આબોહવા પડકારોના ઉકેલો શોધવા અને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. નવી દિલ્હીમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા આયોજિત 'ધ ફ્યુચર ઓફ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ ડાયનેમિક્સ' વિષયક આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાને આ વાત કરી હતી. વડાપ્રધાન મોદીએ પર્યાવરણ પ્રત્યે ભારતના પ્રાચીન દૃષ્ટિકોણનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે પ્રકૃતિ અને પર્યાવરણ માટે દેશની પ્રતિબધ્ધતા નવી નથી. આ જ વિચારધારાને આધુનિક નીતિઓ સાથે જોડીને ભારત પર્યાવરણ સંરક્ષણ અને આબોહવા પરિવર્તન સામેની કામગીરીને આગળ ધપાવી રહ્યું છે. પરિષદ દરમિયાન વડાપ્રધાને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની મોબાઈલ એપ્લિકેશન પણ લોન્ચ કરી હતી. તેમણે પર્યાવરણ સંરક્ષણ માટે ન્યાયિક, વૈજ્ઞાનિક અને નીતિગત પ્રયાસો વચ્ચે સંકલન વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને વિકાસશીલ દેશો પર કાર્બન ઉત્સર્જનની જવાબદારીને લઈને પણ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ સાઉથના દેશો



માટે ઐતિહાસિક પરિસ્થિતિ અને વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આબોહવા ન્યાય જરૂરી છે. તેમના જણાવ્યા મુજબ, ભારતનું પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન વૈશ્વિક સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે. તેમણે છેલ્લા વર્ષોમાં ભારત દ્વારા નવીનીકરણીય ઊર્જા, પર્યાવરણ સંરક્ષણ અને આબોહવા કાર્યવાહી ક્ષેત્રે કરાયેલી પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. સરકારના જણાવ્યા અનુસાર, દેશમાં સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં બિન-અશ્મિભૂત ઊર્જાનો હિસ્સો ૫૪.૧૮ ટકા થયો છે, જે ૨૦૩૦ માટે નક્કી કરાયેલા ૫૦ ટકાના લક્ષ્યાંક કરતાં આગળ છે. ભારત હાલમાં નવીનીકરણીય ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં વિશ્વમાં ત્રીજા ક્રમે હોવાનું પણ પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું. આ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાઈ રહી છે. તેમાં ૧૭ દેશોના ન્યાયાધીશો અને ન્યાયિક પ્રતિનિધિઓ ઉપરાંત પર્યાવરણ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ, વૈજ્ઞાનિકો અને અન્ય હિસ્સેદારો ભાગ લઈ રહ્યા છે. પરિષદમાં પર્યાવરણ કાયદા, આબોહવા ન્યાય, ટકાઉ વિકાસ, ઊર્જા પરિવર્તન અને પર્યાવરણ શાસન જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. ઉદ્ઘાટન સત્રમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ સૂર્યકાંત, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ, એટર્ની જનરલ આર. વેંકટરામણી અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના અધ્યક્ષ ન્યાયમૂર્તિ પ્રકાશ શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પરિષદનો હેતુ પર્યાવરણ અને આબોહવા પડકારો સામે ન્યાયિક તથા સંસ્થાકીય સહકાર મજબૂત કરવાનો અને વૈશ્વિક સ્તરે વ્યવહારુ ઉકેલો માટે સહયોગ વધારવાનો છે.

# એઆઈના ખોટા ગુપ્તચર અહેવાલને કારણે અમેરિકા-ચીન વચ્ચે યુધ્ધનું જોખમ ઊભું થયું

નવી દિલ્હી, તા.૧૯

એઆઈ દ્વારા તૈયાર કરાયેલા ખોટા ગુપ્તચર અહેવાલને કારણે અમેરિકા અને ચીન વચ્ચે સંભવિત યુધ્ધની સ્થિતિ ઊભી થઈ હતી. સીએનએનના અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયામાં ચીનના એક જહાજ સામે અમેરિકી લશ્કરી કાર્યવાહી કરવાની તૈયારીઓ કરવામાં આવી હતી. બાદમાં જાણવા મળ્યું કે જહાજના કાર્ગો અંગેની ગુપ્ત માહિતી ખોટી હતી અને તેમાં એઆઈની ભૂમિકા હતી. અહેવાલ અનુસાર, અમેરિકી સૈન્યમાં ફરતા એક ગુપ્તચર



અહેવાલમાં દાવો કરાયો હતો કે ચીની જહાજ પર પરમાણુ શસ્ત્ર કાર્યક્રમ સાથે સંબંધિત સામગ્રી હતી. આ માહિતીના આધારે જહાજને અટકાવી તપાસ કરવા માટે કાર્યવાહી શરૂ થઈ હતી. સીએનએન સાથે વાત કરનારા સૂત્રોના જણાવ્યા મુજબ, સશસ્ત્ર અમેરિકી સૈનિકો જહાજ પર ચઢવાની તૈયારીમાં હતા અને કેટલાક લશ્કરી વિમાનો પણ હવામાં હતા. કાર્યવાહી થાય તે પહેલાં અધિકારીઓએ ગુપ્ત માહિતીની ફરી તપાસ કરતાં અહેવાલની વિશ્વસનીયતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા. તપાસમાં જાણવા મળ્યું કે જહાજના કાર્ગોનું વિશ્લેષણ કરવા માટે એઆઈ ચેટબોટનો ઉપયોગ થયો હતો. ચેટબોટે જહાજની સામગ્રી અંગે ખોટું તારણ આપ્યું હતું, જેને બાદમાં સત્તાવાર ગુપ્તચર અહેવાલમાં સામેલ કરવામાં આવ્યું હતું. ઘટનાથી પરિચિત એક સૂત્રે અહેવાલને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો અને કહ્યું કે આ ઘટનાએ લગભગ યુધ્ધની સ્થિતિ ઊભી કરી હતી. અમેરિકી સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા એઆઈનો ઉપયોગ ઝડપથી વધારવામાં આવી રહ્યો છે. તેનો ઉપયોગ ગુપ્ત માહિતીના વિશ્લેષણ, લક્ષ્યોની ઓળખ અને લશ્કરી સંસાધનોના સંચાલનમાં થઈ રહ્યો છે. આ ઘટનાએ લશ્કરી નિર્ણયોમાં એઆઈ પરની નિર્ભરતા અંગે ચિંતા વધારી છે.

# લાલ સમુદ્રમાં હુથી હુમલાઓથી સ્થિતિ વધુ વણસતા ભારતે વ્યક્ત કરી ચિંતા

નવી દિલ્હી, તા.૧૯

ભારતે લાલ સમુદ્ર ક્ષેત્રમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ અંગે ફરી ચિંતા વ્યક્ત કરી છે. ભારતે સાઉદી અરેબિયાના વિવિધ વિસ્તારોમાં હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલાઓની પણ સખત નિંદા કરી છે. આ હુમલાઓમાં નાગરિકો અને આર્થિક સંપત્તિઓને નિશાન બનાવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શુક્રવારે વિદેશ મંત્રાલયની બ્રીફિંગ દરમિયાન પ્રવક્તા રણધીર જયસ્વાલે



ભારતની ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, હુથી હુમલાઓ પ્રાદેશિક સુરક્ષાને નબળી પાડી રહ્યા છે અને બાબ અલ-મંડેબ જેવા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર અવરજવરની સ્વતંત્રતા માટે ખતરો ઊભો કરી રહ્યા છે. જયસ્વાલે લાલ સમુદ્રમાં વધી રહેલી લડાઈને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે યુધ્ધગ્રસ્ત વિસ્તારમાં ટૂંક સમયમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થશે. તેમણે કહ્યું હતું કે ભારત આ સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ભારતીય રાજદ્વારીઓ દ્વારા પણ સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાના પ્રદેશો પર થયેલા હુમલાઓ, ખાસ કરીને નાગરિકો અને આર્થિક સંપત્તિઓને નિશાન બનાવનારા હુમલાઓ અંગે ભારતે અગાઉ પણ નિંદા વ્યક્ત કરી છે. પવિત્ર શહેર મક્કા પર હુમલાના પ્રયાસ બાદ ભારતે આ અંગે નિવેદન પણ આપ્યું હતું. ભારતની ચિંતા એવા સમયે સામે આવી છે જ્યારે હુથી બળવાખોરો દ્વારા બાબ અલ-મંડેબ વિસ્તારમાં અનેક ટાપુઓ પર નિયંત્રણ મેળવ્યાના અહેવાલો છે. માયુન ટાપુ સહિતના વિસ્તારોમાં તેમની હાજરીને કારણે આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સુરક્ષા અંગે ચિંતા વધી છે.

### મા બગલામુખી મંદિર પાસે દુર્ઘટના બાદ ખાનગી હવનકુંડ બંધ કરવાની માંગ

# એમ.પી.ના નલખેડામાં કાર નાળામાં ડૂબી જતા આઠ શ્રધ્ધાળુઓના મોત

ભોપાલ, તા.૧૯

મધ્યપ્રદેશના નલખેડામાં મા બગલામુખી માતા મંદિર પાસે ભક્તોથી ભરેલી કાર વરસાદી પાણીના ગટરના જોરદાર પ્રવાહમાં તણાઈ જતાં આઠ લોકોનાં મોત થયા છે. મૃતકોમાં ત્રણ બાળકો, બે મહિલાઓ અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. તમામ મૃતકો ઓડિશાના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું છે. મળતી માહિતી મુજબ, ભક્તો ઉજ્જૈનથી



ટેક્સી ભાડે કરી મંદિરના દર્શન કરવા આવ્યા હતા. દર્શન બાદ પરત ફરતી વખતે ભારે વરસાદને કારણે મંદિર પાસેનો નાળો છલકાયો હતો. આ દરમિયાન કાર જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી અને તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર અને બચાવ ટીમો સ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ કારને નાળામાંથી બહાર કાઢી હતી. જોકે, કારમાં સવાર તમામ આઠ લોકોનાં મોત થયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરે જોરદાર પાણીના પ્રવાહ વચ્ચે ઉતાવળમાં નાળો પાર કરવાનો પ્રયાસ કર્યો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલી રહી છે. મૃતકોમાં રાધારાણી, જ્ઞાનેન્દ્ર કુમાર બેહેરા, તેમની પત્ની રીટા રાની અને શિવપ્રસાદ બેહેરાના પુત્ર કૃષ્ણ રાજવીરનો સમાવેશ થાય છે. દરમિયાન, આઠ લોકોનાં મોત બાદ સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો હતો. મંદિર આસપાસ ચાલતા ખાનગી હવનકુંડને લઈને લોકોએ હોબાળો મચાવી તેને બંધ કરવાની માંગ કરી હતી. પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે હળવો બળપ્રયોગ અને લાઠીચાર્જ કર્યો હતો. ઘટનાસ્થળે તંગ પરિસ્થિતિ સર્જાતા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# ૧૪ ન્યાયાધીશોની નિમણૂક, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમની ભલામણને આપી મંજૂરી


નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમની ભલામણને મંજૂરી આપી ચાર હાઈકોર્ટમાં ૧૪ ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરી છે. દિલ્હી હાઈકોર્ટમાં નિવેદિતા અનિલ શર્મા અને નિશા સહાય સક્સેના ન્યાયાધીશ બન્યા છે, જ્યારે પાંચને વધારાના ન્યાયાધીશ બનાવાયા છે. જમ્મુ-કાશ્મીર અને લદાખ હાઈકોર્ટમાં યશ પાલ બોર્ની, ઝારખંડ હાઈકોર્ટમાં ત્રણ અને કર્ણાટક હાઈકોર્ટમાં ત્રણ અધિકારીઓની વધારાના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાઈ છે. કોલેજિયમે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ની બેઠકમાં ભલામણ કરી હતી.









**પ્રમુખ તરીકે ધર્મેશ વિસાવળિયા, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ કોરાટની વરણી**

# અમરેલી જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના હોદ્દેદારોની વરણી

**મહામંત્રી તરીકે રીતેશ સોની, મંત્રી તરીકે સુરેશ દેસાઈ તથા ખજાનચી તરીકે ધનશ્યામ સુરાણીની નિમણૂંક**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે ધર્મેશ વિસાવળિયા, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ કોરાટ, મહામંત્રી તરીકે રિતેશભાઈ સોની, મંત્રી તરીકે સુરેશભાઈ દેસાઈ અને ખજાનચી તરીકે ઘનશામભાઈ સુરાણીની નિમણૂક કરવામાં આવી છે. નવા હોદ્દેદારોની વરણી પ્રસંગે ગુજરાત પ્રમુખ હંસરાજભાઈ ગજેરા સહિત દિનેશભાઈ ડાંગરિયા, મગનભાઈ ભીમાણી, વસંતભાઈ મોવલિયા, દિવ્યેશભાઈ વેકરિયા, અરુણભાઈ ડેર, હિરેનભાઈ હિરપરા, દીપકભાઈ વઘાસિયા, દીપકભાઈ ધાનાણી અને સંજયભાઈ માલવિયા ઉપસ્થિત રહ્યા હતા. હોદ્દેદારો દ્વારા અમરેલી જિલ્લાના લઘુ ઉદ્યોગોના પ્રશ્નોને યોગ્ય સ્તરે રજૂ કરી ઉદ્યોગોના વિકાસ માટે કામગીરી કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.



# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં સ્તન કેન્સર અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૯

અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓમાં સ્તન કેન્સર અંગે જાગૃતિ લાવવાના હેતુથી અવેરનેસ સેમિનાર યોજાયો હતો. શાંતાબા મેડિકલ કોલેજના ડૉ. સ્નેહલબેન વસૈયા તથા ડૉ. ક્રિષ્ટીબેન બાબરીયાએ સ્તન કેન્સરના જોખમી પરિબળો, પ્રારંભિક લક્ષણો, સ્વ-તપાસ અને સમયસર તબીબી તપાસ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કોઈપણ અસામાન્ય ફેરફાર જણાય તો વિલંબ કર્યા વિના તબીબી સલાહ લેવા તબીબોએ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.જી. પટેલ અને ડૉ. એ.બી. ગોરવાડીયાએ કર્યું હતું. એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસર પ્રો. ડબ્લ્યુ.જી. વસાવા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટએ અભિનંદન પાઠવ્યા હતા.



# અમરેલીમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મહાયોગ શિબિરનું આયોજન

અમરેલી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અમરેલીમાં મહાયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તારીખ ૨૭ સપ્ટેમ્બર રવિવારના રોજ સાંજે ૪:૪૫ થી ૭:૦૦ કલાક દરમિયાન ચિતલ રોડ પર આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોજાશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલના અધ્યક્ષસ્થાને યોજાશે. આયોજકો દ્વારા અમરેલી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના યુવાનો, મહિલાઓ તથા વડીલોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરાઈ છે. શિબિરમાં ભાગ લેવા માટે આપેલી લિંક દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી **ID** કાર્ડ કે **QR** પાસ મેળવવો ફરજિયાત રહેશે.

# સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે થયું અત્યાધુનિક પધ્ધતિથી ઓપરેશન

અમરેલી,તા.૧૯

સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે અનેક તજજ્ઞ ડોક્ટર્સ ઉત્તમ પ્રકારની સારવારથી અનેક દર્દીઓને લાભાન્વીત કરી રહ્યા છે.

આવા જ એક કેસમાં ૯૦ વર્ષની ઉંમરના મતીરાળા ગામનાં શંભુભાઈ શામજીભાઈ જીણજાને જાજરૂમાં લોહી પડવાની, મસા બહાર આવવાની અને અસહ્ય પીડાની ફરીયાદ સાથે આવ્યા હતા. તેમની ઉંમર, નબળું હૃદય વગેરેનાં લીધે સર્જરી કરવી થોડી કઠિન હતી. પરંતુ આ ગ્રેડ-૪ પાઈલ્સનું અત્યાધુનિક સ્ટેપ્લર પધ્ધતિથી સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડવામાં આવ્યું. આ સર્જરીની ટીમમાં સર્જન ડો. ઉમંગ પટોળીયા, ડો. અમર, એનેસ્થેટીક તરીકે ડો. હસમુખ, ડો. કુલદીપ અને નર્સિંગ સ્ટાફમાં શાંતાબેન મકવાણાએ પોતાની અમૂલ્ય સેવા આપેલ તેમ ઓપરેશન થિયેટર ઈન્ચાર્જ મહેશ બોરડ ની યાદીમાં જણાવેલ છે.



# લાઠી પંથકમાં સવા ઈંચ વરસાદ પડતા ખેડૂતોમાં આનંદ ફેલાયો



તસવીર : જગદીશ ખેર

લાઠી,તા.૧૯

લાઠી પંથકમાં સાંજના સમયે જોરદાર વરસાદ પડતા સવા ઈંચ વરસાદ નોંધાયો હતો. સાંજના સમયે અચાનક વરસાદ વરસતા માર્ગો પર પાણી વહ્યા હતા. અત્રે નોંધનીય છે કે, અમરેલી જિલ્લામાં છેલ્લાં ત્રણ દિવસથી મેઘો મહેરબાન છે ત્યારે તા.૧૯ના રોજ લાઠી પંથકમાં સવા ઈંચ વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ હતી.

# સાવરકુંડલા તાલુકા પંચાયતના અપક્ષ સભ્યએ PM મોદીના જન્મદિવસે ભાજપને આપ્યું સમર્થન

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા તાલુકા પંચાયતમાં ગાધકડા બેઠકના અપક્ષ સભ્ય રાજેશ્રીબેન બાલસિંગભાઈ બોરિચાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસે ભારતીય જનતા પાર્ટીને સત્તાવાર સમર્થન જાહેર કર્યું છે. ગત એપ્રિલ-૨૦૨૬ની ચૂંટણીમાં અપક્ષ તરીકે વિજેતા બનેલા રાજેશ્રીબેને પીએમ મોદીના નેતૃત્વમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કરીને ભાજપ સાથે જોડાવાનો નિર્ણય લીધો છે. તેમના આ સમર્થનથી ૨૨ બેઠકોવાળી સાવરકુંડલા તાલુકા પંચાયતમાં ભાજપનું સભ્યબળ વધીને હવે ૧૭ થયું છે, જેનાથી પક્ષ વધુ મજબૂત બન્યો છે. અપક્ષ સભ્યના આ નિર્ણયને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, એપીએમસી ચેરમેન દીપકભાઈ માલાણી, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મહિડા, ઉપપ્રમુખ બાવચંદભાઈ ચોડવડીયા, કારોબારી ચેરમેન વિલાસબેન ચાવડા તથા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા સહિતના અગ્રણીઓએ આવકારીને પક્ષ માટે ખુશી વ્યક્ત કરી છે.

# ધારીમાં બજરંગ ગ્રુપકા રાજા ગણેશ ઉત્સવમાં બાળકોને બટુક ભોજન

ધારી,તા.૧૯

બજરંગ ગ્રુપ દ્વારા આયોજિત બજરંગ ગ્રુપકા રાજા ગણેશ ઉત્સવ અંતર્ગત ધારી નગરપાલિકા વિસ્તારની દરેક પ્રાથમિક શાળાના બાળકો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભોજનનો સંપૂર્ણ ખર્ચ મુંબઈ સ્થિત દાતા જીતુભાઈ કાળુભાઈ ધકાણ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. ધારી તથા આસપાસના વિસ્તારની પ્રાથમિક શાળાઓના ૨૦૦૦થી વધુ બાળકોએ બટુક ભોજનનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ સફળ આયોજન માટે બજરંગ ગ્રુપના તમામ સભ્યોએ સાથે મળીને ભારે જહેમત ઉઠાવી હતી.



તસવીર : સંજય વાળા

# જાફરાબાદના સરકેશ્વર બીચ પર સફાઈ અભિયાન

જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદના સરકેશ્વર બીચ પર ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ સ્ટેશન પીપાવાવ દ્વારા આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કોસ્ટ ગાર્ડ સહિત વિવિધ સરકારી અને ખાનગી સંસ્થાઓના સ્વયંસેવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. મરીન પોલીસ, સ્ટેટ પોલીસ, સિન્ટેક્સ અને અલ્ટ્રાટેક જેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ દરિયાકાંઠે ફેલાયેલો કચરો એકત્ર કરી બીચને સ્વચ્છ બનાવ્યો હતો. આ અભિયાન દ્વારા દરિયાઈ પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણના જતન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો. સ્વચ્છ દરિયાકાંઠો, સ્વચ્છ સમુદ્ર અને ટકાઉ ભવિષ્યનો સંદેશ આપવા માટે આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.



તસવીર : બાબુભાઈ વાઢેળ

# અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં તમામ બેઠકો બિનહરીફ

અમરેલી,તા.૧૯

અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી મામલતદાર (ગ્રામ્ય) ચૂંટણી અધિકારીના નેતૃત્વમાં રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. સંસ્થામાં કુલ ૧૭ ડિરેક્ટરોની જગ્યા ભરવાની હતી. આ ખાલી જગ્યાઓ ઉપર જયેશભાઈ મોહનભાઈ નાકરાણી અને દલસુખભાઈ કાનજીભાઈ દુધાતના નેતૃત્વમાં ભાજપ પ્રેરિત પેનલના સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ જાહેર થયેલી ચૂંટણીમાં અન્ય કોઈ હરીફ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી ન હતી. પરિણામે અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘનું સમગ્ર બોર્ડ બિનહરીફ જાહેર થયું છે. આ સંસ્થા છેલ્લા ૩૦ વર્ષથી સ્વ. મોહનભાઈ નાકરાણીના નેતૃત્વમાં અને માર્ગદર્શન હેઠળ નક્કી કરેલી પ્રણાલિકા પ્રમાણે કાર્યરત રહી છે. તેમના માર્ગદર્શન બાદ જયેશભાઈ નાકરાણીના સંચાલનમાં સંસ્થાએ પ્રગતિ કરી છે. સંસ્થા છેલ્લા ૩૦ વર્ષથી સહકારી મંડળીઓને ડિવિડન્ડ વહેંચવામાં આવે છે અને સંસ્થાનો ઓડિટ વર્ગ-એ મેળવી સતત પ્રગતિ કરવામાં આવી રહી છે.દલસુખભાઈ કાનજીભાઈ દુધાત તેમજ અન્ય ડિરેક્ટરોના સહકારથી સંસ્થાની પ્રગતિમાં સતત વધારો થયો છે. સંસ્થાના હિતલક્ષી નિર્ણયો અને ખેડૂતલક્ષી કામગીરીના કારણે સંસ્થાએ અમરેલી તાલુકા સંઘમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ખેતરમાં તંગીના સમયે ખેડૂતોને વધુમાં વધુ ખાતર મંગાવી તેમની જરૂરિયાત પૂરી પાડવામાં આવી છે. સંસ્થામાં જયેશભાઈ નાકરાણીની ભાજપ પ્રેરિત પેનલ સાથે દલસુખભાઈ દુધાત, જયંતિભાઈ ચકરાણી, દેવેન્દ્રભાઈ પાડરિયા, બટુકભાઈ ખુંટ, હિંમતભાઈ ગજેરા, રમેશભાઈ કોટડિયા, હસમુખભાઈ નાકરાણી, વિનુભાઈ નાકરાણી, ભૂપતભાઈ હપાણી, દિનેશભાઈ તારપરા, દલપતભાઈ કિકાણી, યોગેશભાઈ સોજા, ભાવિનભાઈ લાખાણી, જગદીશભાઈ દેસાઈ, ચેતનભાઈ ગજેરા તથા પ્રમોદભાઈ લુણાગરિયા સહિતના ઉમેદવારો વિજયી થયા હતા.



**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
**ફાર્મસી કોલેજ – મેનેજમેન્ટ વેકેન્ટ સીટ પ્રવેશ**
પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૬ – ૨૭
વેકેન્ટ તથા મેનેજમેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૧ | ૨૧/૦૯/૨૬થી૨૭/૧૦/૨૬ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૨૮/૧૦/૨૦૨૬ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૩૧/૧૦/૨૦૨૬ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત ★
★ શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા ફાર્મસી મહિલા કોલેજ અમરેલી ★
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ) , ચક્કરગઢ રોડ અમરેલી
-Ad146







# અમરેલીમાં આગામી ગુરૂવારે પ્રથમ વખત "મોદક સ્પર્ધા" યોજાશે

અમરેલી,તા.૧૯

સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા ગણેશ મહોત્સવ–૨૦૨૬ અંતર્ગત અમરેલી શહેરમાં સૌપ્રથમ વખત ચુરમાના લાડુ ખાવાની અનોખી "મોદક સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬, ગુરુવારે રાત્રે ૮:૦૦ કલાકે ફોરવર્ડ સર્કલ સ્થિત સિનિયર સિટિઝન પાર્ક ખાતે યોજાશે. આ સ્પર્ધામાંથી "અમરેલીના મોદક કિંગ"ની પસંદગી કરવામાં આવશે. સ્પર્ધકોએ તા. ૨૨ સપ્ટેમ્બર સુધીમાં નામ નોંધાવવાનું રહેશે. નોંધણી મર્યાદિત સંખ્યામાં જ સ્વીકારાશે. પ્રથમ ક્રમે આવનારને રૂ. ૫૧૦૦, દ્વિતીયને રૂ. ૩૧૦૦ અને તૃતીયને રૂ. ૨૧૦૦ આપવામાં આવશે તથા તમામ સ્પર્ધકોનું સન્માન કરાશે. વધુ માહિતી માટે દિલીપસિંહ ઠાકુર (૭૦૧૬૮૯૩૦૪૫), નિખિલ આસર (૯૯૦૯૩૬૩૩૩૬), સાગર ગોડિયા (૮૯૮૦૧ ૩૬૫૩૦), પ્રશાંત પરમાર (૯૭૧૪૦ ૮૬૯૦૨), અજય રાઠોડ (૭૪૦૫૨ ૫૩૯૧૯) અને હિતેષ સેજુનો (૯૩૭૭૫ ૨૬૯૨૭) સંપર્ક કરી શકાય છે. આયોજકોએ અમરેલીવાસીઓને ગણેશ મહોત્સવની ઉજવણીમાં ઉત્સાહભેર સહભાગી થવા અપીલ કરી છે.

# અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

**કલેક્ટરે ખેડૂતોને ખાતર-પુરવઠો નિયમિત મળી રહે તે માટે સૂચના આપી**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે સપ્ટેમ્બર માસની જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડિયા તથા લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ધારાસભ્યો દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી, અગાઉ રજૂ થયેલા પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી. જે.વી. કાકડિયાએ ધારી શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે પરના ટ્રાફિકના



પ્રશ્ન, નિર્માણાધીન માર્ગોની કામગીરી ઝડપી પૂર્ણ કરવા, સ્પોર્ટ્સ સંકુલની કામગીરીની પ્રગતિ તથા ચોમાસાને ધ્યાનમાં રાખી ખેડૂતોને વાયર ફેન્સિંગ માટે મુદત વધારવા અંગે રજૂઆત કરી હતી.

જનકભાઈ તળાવિયાએ જમીન માપણી સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા કલેક્ટરે ખેડૂતોને રાસાયણિક ખાતર અને જરૂરી પુરવઠો નિયમિત મળે તે માટે અધિકારીઓને દિશાનિર્દેશ આપ્યા હતા. બેઠકમાં જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક પણ યોજાઈ હતી.

# બગસરા તાલુકા પંચાયત પ્રમુખે ખેતીવાડી વિભાગ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા

**લોકપ્રતિનિધિઓને અંધારામાં રાખી મનસ્વી કામગીરી કરવાના આક્ષેપ સાથે એક દિવસમાં ખુલાસો માંગ્યો**

બગસરા,તા.૧૯

બગસરા તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ કાળુભાઈ સતાસીયાએ ખેતીવાડી શાખાના વિસ્તારણ અધિકારી ખેતીને પત્ર પાઠવી કામગીરી અંગે ખુલાસો માંગ્યો છે. રાષ્ટ્રીય મિશન ખાદ્યતેલ અને તેલીબીયાં અંતર્ગત ડેરી પીપરીયા ગામે યોજાયેલા ખેડૂત તાલીમ કાર્યક્રમની તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ તાલુકા પંચાયતના સદસ્યોને કોઈ આગોતરી જાણ કે આમંત્રણ અપાયું ન હોવાનો આક્ષેપ કરાયો છે. સરકારી કાર્યક્રમમાં લોકપ્રતિનિધિઓની અવગણના



અંગે પ્રમુખે રોષ વ્યક્ત કરી એક દિવસમાં ખુલાસો રજૂ કરવા જણાવ્યું છે. ઉપરાંત તાલુકાના અન્ય ગામોમાં યોજાયેલા આવા કાર્યક્રમોની વિગતો, કેટલા ખેડૂતોએ બીયારણ ખરીદ્યું, કોને કયા પ્રકારનું બીયારણ અપાયું અને કેટલા ખેડૂતોના ખેતરની રૂબરૂ મુલાકાત લેવાઈ તેની માહિતી પણ આધાર-પુરાવા સાથે માંગવામાં આવી છે. ખેતીવાડી વિભાગ પાસે તમામ રેકોર્ડ રજૂ કરવા કડક સૂચના અપાઈ છે.

**ચેરમેનપદે ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, વાઈસ ચેરમેનપદે રૂપલબેન ત્રિવેદી અને એમ.ડી. તરીકે ગૌતમ સાવજની વરણી**

# સાવરકુંડલા નાગરિક સહ. બેંકના હોદ્દેદારોની બિનહરીફ વરણી

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા નાગરિક સહકારી બેંકના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જિલ્લા ભાજપ તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી પ્રક્રિયામાં બેંકના ચેરમેન તરીકે ધર્મેન્દ્રભાઈ ચૌહાણ, વાઈસ ચેરમેન



તરીકે રૂપલબેન ત્રિવેદી તથા મેનેજિંગ ડિરેક્ટર તરીકે ગૌતમ સાવજની બિનહરીફ વરણી થઈ હતી.હોદ્દેદારોની બિનહરીફ વરણી થતાં કાર્યકરો, આગેવાનો તથા બેંક સાથે જોડાયેલા સભ્યોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

નવી ટીમને બેંકના વિકાસ, ગ્રાહકોને વધુ સારી બેંકિંગ સેવાઓ અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની દિશામાં કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સાવરકુંડલા સ્થિત અટલધારા કાર્યાલય ખાતે નવનિયુક્ત હોદ્દેદારો તથા ઉમેદવારોનું સન્માન કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ નવી જવાબદારી સંભાળનાર હોદ્દેદારોને અભિનંદન પાઠવી આગામી સમયમાં બેંક વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# રાજુલાની સંઘવી મહિલા કોલેજમાં નશામુક્ત ભારત પર વ્યાખ્યાન યોજાયું

રાજુલા,તા.૧૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એનએસએસના બંને યુનિટ દ્વારા ૧૮ સપ્ટેમ્બરે 'નશામુક્ત ભારત' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલે યુવાનોમાં વધતા નશાના દૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે યુવાનો નશા તરફ કેમ દોરાય છે અને નશાના કારણે થતા શારીરિક તથા માનસિક નુકસાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ નશામુક્તિ અભિયાન, હેલ્પલાઈન અને નશામુક્તિ કેન્દ્રોની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ૨૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. પ્રા. નેહાબેન દરજીએ નશામુક્ત ભારત અંગે શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો. મિતલબેન નાયીએ કર્યું હતું.

# અમરેલીમાં મોંઘીબા મહિલા કૉલેજ NCC કેડેટ્સ દ્વારા નશામુક્તિ રેલીનું આયોજન

અમરેલી તા.૧૯

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ અને ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૮ સપ્ટેમ્બરના રોજ 'નશામુક્તિ જાગૃતિ અભિયાન' અંતર્ગત એક ખાસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં



કુલ ૪૮ એન.સી.સી. કેડેટ્સે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીનો મુખ્ય હેતુ સમાજમાંથી નશા જેવી બદી દૂર કરવાનો અને લોકોને તેનાથી થતા શારીરિક તથા માનસિક નુકસાન વિશે માહિતગાર કરવાનો હતો. કેડેટ્સે 'નશાને કહો ના - જીવનને કહો હા' જેવા સૂત્રોચ્ચાર કરીને જનજાગૃતિ ફેલાવી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠિયા, એન.સી.સી. ઓફિસર લેફ્ટનન્ટ મનીષા સાગઠિયા અને કૉલેજનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. અંતમાં સૌએ નશામુક્ત ભારત બનાવવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

# બાબરાના નાની કુંડળ ગામે પીએમ મોદીના જન્મદિને દીપ પ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૧૯

બાબરાના નાની કુંડળ ગામના રામજી મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દીપ પ્રાગટ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામજનો અને આગેવાનો દ્વારા વડાપ્રધાનના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ વિનોદભાઈ તલાવડીયા, બાબરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન માધવભાઈ કટારીયા, બાબરા તાલુકા વિસ્તરણ અધિકારી વિજયભાઈ તલાવડીયા,



ઉપસરપંચ અશ્વિનભાઈ સોલંકી, નારણભાઈ ભાલીયા, હરેશભાઈ પંડ્યા તેમજ ગ્રામ પંચાયતના સદસ્યો મુનાભાઈ રાઠોડ, શૈલેષભાઈ મકવાણા, લખનભાઈ અલગોતર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.






# ધારીમાંથી સગીરાને અજાણ્યો શખ્સ બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો

**સગીરાના પિતાએ અજાણ્યા શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૧૯

ધારીમાંથી એક સગીરાને અજાણ્યો શખ્સ બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ અજાણ્યા શખ્સ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેની સગીર દીકરીને લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સરકારી આયુર્વેદ હોસ્પિટલ અને ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અમરેલીમાં આજથી આયુર્વેદ આરોગ્ય સપ્તાહની ઉજવણી

અમરેલી તા.૧૯

સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી તથા ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૧૧મા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે તા.૨૦ થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તથા



આયુષ નિયામકની કચેરીના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ સપ્તાહમાં વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ધન્વંતરી પૂજન, શાળા આરોગ્ય કેમ્પ, સાંધાના દુખાવા માટે અગ્નિકર્મ કેમ્પ, સગર્ભા માતા અને ધાત્રી માતા માટે કીટ વિતરણ, બાળકોમાં સુવર્ણપ્રાશન, ઔષધીય રોપા વિતરણ સહિત યોગ-પ્રાણાયામ અને પ્રાકૃતિક જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પમાં નિદાન સાથે સારવાર અને દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે. તા.૨૦ સપ્ટેમ્બરે સવારે ૧૦ વાગ્યે કૌશિક વેકરીયાના હસ્તે સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે ધન્વંતરી પૂજનથી કાર્યક્રમનો પ્રારંભ થશે.આ માટે ડો. બી.એન. જાદવ તથા ડો. ભાવેશ મહેતા તથા ટીમ સેવામાં રહેશે.










# લીલીયાના પુંજાપાદરમાં નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભક્તિ અને એકતાનો સંગમ

લીલીયા, તા.૧૯

લીલીયાના પુંજાપાદર ગામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ભક્તિ અને એકતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રામાણી પરિવારની વાડી ખાતે યોજાયેલી ઉજવણીમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ માતા-બહેનો તેમજ ધૂન મંડળીની બહેનોને કરતાલ




અને ખંજરીનું વિતરણ કર્યું હતું. કરતાલ અને ખંજરીના તાલે બહેનોએ સામૂહિક ધૂનની રમઝટ બોલાવી વડાપ્રધાનને દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજે ૭૫૦ દીવડાઓ એકસાથે પ્રગટાવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવાઈ હતી. કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી સહિત આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી પોલીસે કરેલા પોંજી સ્કીમના કૌભાંડના પર્દાફાશ બાદ અન્ય જિલ્લા પોલીસ જાગી

અમરેલી,તા.૧૯

અમરેલી પોલીસે સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવનારા રૂ.૬૩૫ કરોડથી વધુના પોંજી સ્કીમ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. **SD Pay** અને **Apna Pay** જેવી એપ્લિકેશનો મારફતે રોકાણકારોને ઊંચા વળતર તથા કેશબેકની લોભામણી લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ મામલે આશરે એક વર્ષ અગાઉ ગુજરાત **CID** ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી. જોકે, તે સમયે આરોપીઓની ધરપકડ ન થતાં તપાસમાં પ્રગતિ થઈ નહોતી અને કૌભાંડનો વ્યાપ સતત વધતો રહ્યો હતો. અમરેલી પોલીસે કૌભાંડનો પર્દાફાશ કર્યા બાદ રાજ્યના અન્ય જિલ્લાઓમાંથી



પણ ફરિયાદો મળવા લાગી છે. **SD Pay** અને **Apna Pay** એપ્લિકેશન મારફતે રોકાણ કરાવી છેતરપિંડીની અનેક ફરિયાદો નોંધાઈ છે. ગાંધીનગરમાં રૂ.૩ લાખ, સાબરકાંઠામાં રૂ.૧૯.૨૦ લાખથી વધુ, વડોદરામાં રૂ.૮.૧૫ લાખથી વધુ તથા ખેડામાં રૂ.૬.૩૨ લાખથી વધુની રકમની છેતરપિંડીના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું.

# અમરેલીશહેરમાં ગોઠણની બીમારીથી કંટાળી પરિણીતાએ ઝેરી પાવડર પીધો

**અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. કે. પરમારે વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં ગોઠણની બીમારીથી કંટાળી એક પરિણીતાએ ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધો હતો. શિલ્પાબેન અશ્વિનભાઈ પંડ્યા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમને છેલ્લા સાતેક વર્ષથી બંને પગના ગોઠણમાં અસહ્ય દુઃખાવાની બીમારી હતી. આ દુઃખાવાથી કંટાળીને તેમણે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધો હતો.અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. કે. પરમાર આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાળીયા ગામથી કેરાળા ગામ જતા રસ્તે તૂફાનમાંથી અંગ્રેજી દારૂની ૪૩૪ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૧૯

અમરેલીના જાળીયા ગામથી કેરાળા ગામ જતા રસ્તે તૂફાન ગાડીમાંથી અંગ્રેજી દારૂની ૪૩૪ બોટલ ઝડપાઈ હતી. મધ્યપ્રદેશના જોબટ તાલુકાનો રહેવાસી બાકેશભાઈ માંગુભાઈ બામનિયા (ઉ.વ.૨૭) પોતાના હવાલાની તૂફાન ગાડી લઈને નીકળતાં પોલીસે તેને અટકાવી તલાશી લીધી હતી, જે દરમિયાન અંગ્રેજી દારૂની ૪૩૪ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલો, મોબાઈલ અને તૂફાન ગાડી મળીને કુલ રૂ. ૨,૨૯,૨૧૪નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બીજા એક દરોડામાં અમરેલીના ટીંબા ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી.

અહીંથી પોલીસે ૩ લીટર દેશી દારૂ, ૫૦ લીટર આથો (વોશ) અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૫,૭૩૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, અમરેલી અને ખાંભામાંથી બે-બે તથા નાના આંકડિયા ગામેથી એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા હતા. તેમજ જિલ્લામાંથી અન્ય ૧૪ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો.

# ખીજડીયા (રાદડીયા) ગામે બાઈક સવાર પ્રૌઢને ટક્કર મારી ટ્રકચાલક ફરાર

બાબરા, તા.૧૯

બાબરાના ખીજડીયા (રાદડીયા) ગામના એક પ્રૌઢને ટક્કર મારી ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો.આ અંગે જગુભાઈ નાજભાઈ દેથળીયા (ઉ.વ.૫૭) એ ટ્રક નંબર **GJ-૧૦-TV-**૭૫૫૪ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા મોટરસાયકલ લઈને ખીજડીયા ગામથી ભડલી ગામ જઈ રહ્યા હતા. તે સમયે બાબરા-અમરેલી રોડ પર તાપડીયા આશ્રમ પાસે પહોંચતાં ટ્રકચાલકે પાછળથી ટક્કર મારી હતી, જેમાં તેમને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જીને ટ્રકચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે. મકવાણા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**જાફરાબાદના કડિયાળી (સીદીનું) ગામની ઘટના**

# 'મને કેમ હેરાન કરો છો' કહી બચકું ભરી ઢીકાપાટુ માર્યા

**સામસામી જાનથી મારવાની ધમકી અંગે ફરિયાદ નોંધાઈ**

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદના કડિયાળી ગામ ખાતે બે પક્ષો વચ્ચે સામસામી ફરિયાદ નોંધાઈ હતી. પ્રથમ પક્ષે હિંમતભાઈ પ્રતાપભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ પ્રવિણભાઈ સોમાભાઈ પરમાર તથા લક્ષ્મીબેન પ્રવિણભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. તે મુજબ, હિંમતભાઈ બાઈક લઈને ઘરેથી નીકળ્યા ત્યારે પ્રવિણભાઈ ના ઘર પાસે પહોંચતાં તેમણે બાઈક ઊભી રખાવી હતી. પ્રવિણભાઈએ "હું અરવિંદભાઈ જેઠાભાઈના ઘરે મજૂરી કામ કરવા જાઉં છું અને તેઓ મારા ઘરે રહે છે, તો મને કેમ હેરાન કરો છો?" તેમ કહી ગાળો આપી હતી. ત્યારબાદ તેમણે ઢીકાપાટુનો માર મારી, પીઠના ભાગે બચકું ભરી લીધું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સામે પક્ષે પ્રવિણભાઈ સોમાભાઈ પરમાર (ઉ.વ.૨૮)એ હિંમતભાઈ પ્રતાપભાઈ પરમાર તથા જીતુભાઈ પ્રતાપભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. તે મુજબ, તેમના કૌટુંબિક કાકા અરવિંદભાઈના ઘરે મકાન રિપેરિંગનું કામ ચાલુ હોવાથી તેઓ મજૂરી કામ કરવા ગયા હતા. આ બાબત આરોપીઓને સારી ન લાગતાં તેમણે લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે માર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદમાં માછલીના નામે ઓનલાઇન ચીટિંગ: વેપારી પાસેથી રૂ. ૪૫ હજાર ખંખેર્યા

**જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના નોંધાઈ**

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદમાં માછલીના વેપારના બહાને ઓનલાઇન સાયબર ક્રાઈમ આચરી એક વેપારી પાસેથી રૂ. ૪૫,૦૦૦ પડાવી લેવાની ઘટના સામે આવી છે. માછલી મોકલવાના નામે વિશ્વાસ કેળવી અજાણ્યા ગઠિયાઓએ આ છેતરપિંડી આચરી હતી, જે સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બનાવ અંગે નરેશભાઈ રાજાભાઈ બારૈયા (ઉ.વ.૬૨)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા બે મોબાઈલ નંબરો પરથી તેમને ફોન આવ્યા હતા. ફોન કરનારા શખ્સોએ પોતે માછલીના મોટા વેપારી હોવાની ઓળખ આપી સસ્તા ભાવે માછલી વેચવાની વાત કરી હતી. વેપારીને વિશ્વાસમાં લેવા માટે આરોપીઓએ વોટ્સએપ પર માછલીઓના ફોટા મોકલ્યા હતા અને ત્યારબાદ 'તમારી માછલી ભરેલી પેટીઓ નીકળી ગઈ છે' તેમ કહી માલ રવાના થઈ ગયો હોવાનો ખોટો દાવો કર્યો હતો.ત્યારબાદ ગઠિયાઓએ વેપારી પાસે તેમના બેંક ખાતામાંથી કટકે-કટકે કુલ રૂ. ૪૫,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં મેળવી લીધા બાદ પણ માલ ન પહોંચતાં વેપારીએ ઉઘરાણી કરી હતી. તે સમયે આરોપીઓએ ગોળ-ગોળ વાતો કરી રૂપિયા પરત ચૂકવી દીધા હોવાનો એક બનાવટી સ્ક્રીનશોટ મોકલી સમય પસાર કર્યો હતો. પોતાની સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ થયાનો અહેસાસ થતાં તેમણે બંને મોબાઈલ નંબર ધારકો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. આર. જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૧૯૬૫ |
| ઘઉં લોકવન | ૫૫૭ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૧૨૦૦ | ૧૪૬૪ |
| જુવાર લાલ | ૧૧૦૦ | ૧૩૪૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૦૮ | ૪૫૬ |
| મકાઇ | ૫૭૫ | ૫૭૫ |
| તુવેર | ૧૩૪૫ | ૧૭૫૧ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૩૧૦ |
| ચણા સફેદ | ૧૩૭૫ | ૧૯૫૦ |
| અડદ | ૧૩૮૦ | ૧૮૩૦ |
| મગ | ૧૦૭૫ | ૧૭૨૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૮૦ |
| ચોળી | ૯૧૫ | ૧૪૫૦ |
| વટાણા | ૬૦૦ | ૯૮૮ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૨૧૬૮ |
| મગફળી જાડી | ૧૨૧૧ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૬૦૦ |
| તલી | ૧૮૮૦ | ૨૩૮૬ |
| એરંડા | ૧૩૫૬ | ૧૪૫૬ |
| અજમો | ૧૫૦૦ | ૨૮૮૦ |
| સોયાબીન | ૯૬૦ | ૧૨૪૦ |
| સીંગફાડા | ૧૧૫૧ | ૧૮૭૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૭૦ |
| લસણ | ૧૧૨૫ | ૨૪૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૯૧૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૦૫૦ |
| વરીયાળી | ૧૫૭૦ | ૨૦૬૫ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૧૦૨ |
| રાય | ૧૨૯૦ | ૧૬૮૦ |
| મેથી | ૯૬૦ | ૧૭૬૦ |
| ઇસબગુલ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૧૮૦ |
| રાયડો | ૧૨૪૦ | ૧૫૨૧ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૫૫૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૭૯૬ | ૩૫૨૪ |
| પપૈયા | ૨૨૦ | ૪૧૦ |
| બટેટા | ૮૯ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૩૩૧ | ૮૬૫ |
| ટમેટા | ૨૩૪ | ૪૯૮ |
| સુરણ | ૫૧૨ | ૭૦૫ |
| કોથમરી | ૧૮૬ | ૩૧૭ |
| મુળા | ૨૧૯ | ૪૦૧ |
| રીંગણા | ૧૯૩ | ૪૮૮ |
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| ફલાવર | ૧૫૫ | ૩૩૧ |
| ભીંડો | ૫૬૩ | ૭૧૯ |
| ગુવાર | ૭૪૫ | ૧૨૩૦ |
| ચોળાસીંગ | ૩૫૯ | ૫૩૨ |
| વાલોળ | ૨૪૧ | ૫૦૭ |
| ટીંડોળા | ૪૧૯ | ૮૩૭ |
| દુધી | ૬૦ | ૧૦૫ |
| કારેલા | ૯૪ | ૧૯૯ |
| સરગવો | ૫૫૭ | ૧૧૧૪ |
| તુરીયા | ૧૭૯ | ૩૭૭ |
| પરવર | ૩૮૧ | ૫૮૬ |
| કાકડી | ૩૪૪ | ૫૯૨ |
| ગાજર | ૨૨૯ | ૪૧૨ |
| વટાણા | ૧૬૧૬ | ૨૨૧૯ |
| કંટોળા | ૧૪૬૨ | ૧૮૨૫ |
| ગલકા | ૧૯૧ | ૩૯૭ |
| બીટ | ૩૨૦ | ૫૧૦ |
| મેથી | ૪૮૫ | ૭૭૬ |
| વાલ | ૪૧૦ | ૬૦૫ |
| ડુંગળી લીલી | ૩૩૮ | ૫૯૨ |
| આદુ | ૧૩૫૯ | ૨૯૬૭ |
| મરચા લીલા | ૧૧૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૮૩૬ | ૨૪૦૬ |
| મગફળી લીલી | ૫૪૪ | ૮૨૧ |
| મકાઇ લીલી | ૧૪૪ | ૨૭૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૯૩૧ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૧૪ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૮૨૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૨૦૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૮૦૦ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૪૭૧ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૨૩૧ |
| કલંજી | ૨૫૦૧ | ૪૧૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૬૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૨૫૦૧ |
| ડુંગળી લાલ | ૧૮૧ | ૯૭૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૧૬૬ |
| રાય | ૧૬૩૧ | ૧૭૩૧ |
| મેથી | ૮૦૧ | ૧૪૦૧ |
| કાંગ | ૭૯૧ | ૭૯૧ |
| મગફળી જાડી | ૯૫૧ | ૧૬૦૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૨૦૦૧ |
| ધાણી | ૨૬૦૧ | ૨૯૩૧ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૧૦૦૦ | ૧૪૦૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૮૦૧ | ૧૫૪૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૩૩૧ |
| વાલ | ૧૦૩૧ | ૧૨૯૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૫૪૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૬૬ |
| રજકાનું બી | ૪૫૦૧ | ૪૫૦૧ |
| ગોગળી | ૭૮૧ | ૧૩૯૧ |
| વટાણા | ૪૦૧ | ૬૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૨૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૬૦૦ |
| તુવેર | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૧ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૨૮૦ | ૪૨૦ |
| ચૂરણ | ૭૮૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૫ | ૨૫ |
| સરગવો પુરા | ૫૦ | ૭૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૬૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૭૦ | ૧૩૧૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૨૦૦૫ |
| તલ સફેદ | ૧૨૬૫ | ૨૫૮૦ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૫૭૦ |
| તલ કાશમીરી | ૨૪૭૦ | ૨૪૭૦ |
| બાજરો | ૩૯૦ | ૪૪૦ |
| જુવાર | ૧૨૫૦ | ૧૨૯૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૯૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૫ |
| મગ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૯૫ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ચોળી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૩૦ |
| કપાસ | ૯૩૦ | ૨૦૧૫ |
| એરંડા | ૧૪૭૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૧૯૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૯૫૦ |
| અજમા | ૨૦૦૦ | ૨૨૩૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૨૫ |
| રજકાનું બી | ૩૩૦૦ | ૮૬૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૫૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૨૦ |
| શક્કરિયા | ૮૦૦ | ૯૦૦ |
| ટમેટા | ૪૬૦ | ૫૬૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૨૦૦ | ૨૫૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૧૬૦ | ૨૨૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૧૦ | ૯૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૯૦ |
| ચીભડા | ૬૦૦ | ૮૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુદીનો | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૬૦ | ૬૫૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| લીલી તુવેર | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦૦ | ૮૪૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૦૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૨૨૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| મકાઇ | ૨૩૦ | ૩૭૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૧૦ | ૨૦૨૧ |
| કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| જીરૂ | ૩૩૪૦ | ૪૦૫૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૩ |
| **ધારી** | | |
| કપાસ B ગ્રેડ | ૧૫૭૦ | ૧૭૫૦ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૦ |
| તલ | ૨૪૬૦ | ૨૪૬૦ |
| કલોંજી | ૩૭૭૫ | ૩૭૭૫ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૧૨ |
| જુવાર | ૧૧૦૦ | ૧૩૫૧ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૪૧૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૨૪ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૩૯ | ૫૭૪ |
| તલ સફેદ | ૧૭૬૫ | ૨૧૮૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૧૧૧૦ | ૧૧૧૫ |
| ધાણા | ૧૪૯૦ | ૨૭૦૦ |
| કાળા તલ | ૧૪૯૦ | ૨૭૦૦ |
| તુવેર | ૧૯૫૦ | ૧૯૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૪૦૬ |
| અડદ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૪૬ |
| તુવેર | ૧૨૩૧ | ૧૬૬૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૧૫૬ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૧૮૧૬ |
| તલ સફેદ | ૧૭૭૧ | ૨૪૨૬ |
| તલ કાળા | ૧૪૧૬ | ૩૩૮૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૦૪૧ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૦૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૩૬ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૬૫૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૭૫૦ | ૨૦૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૭૬ |
| સોયાબીન | --- | ૧૨૨૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૫૫ | ૪૩૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૦ |
| મગ | ૧૪૪૫ | ૧૬૪૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૬૮૦ |
| ચોળી | ૬૭૫ | ૭૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૫ |
| ચણા | ૧૧૬૬ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૨૫૦ |
| તલી | ૨૧૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૨૭૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૧૪૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૯૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૮૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૫૦ |
| ડુંગળી નાસિક | ૮૦૦ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૬૨૦ | ૧૮૫૦ |
| વટાણા | ૬૦૦ | ૬૩૦ |
| **મહુવા** | | |
| શિંગ ગીરનાર | ૧૦૯૨ | ૧૨૪૭ |
| શિંગ ૬૬ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| શિંગ ૩૯ | ૯૯૧ | ૧૨૩૨ |
| શીંગ મીનાક્ષી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૪૫૦ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૪૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૦૦ |
| મગ | ૬૮૦ | ૧૫૩૫ |
| રાય | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ચણા | ૮૪૫ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૩૬ |
| તલ કાળા | ૧૮૪૦ | ૩૩૬૨ |
| ડુંગળી લાલ | ૮૮ | ૮૬૫ |
| ડુંગળી સફેદ | ૨૬૨ | ૬૦૧ |
| નાળીયેર | ૪૬૦ | ૨૬૯૮ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૬૫૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| બાજરો | ૪૩૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૫ |
| જુવાર | ૭૫૧ | ૧૬૫૫ |
| મગ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૮૬ |
| જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |


06
વાર્તા વિશ્વ : રખોપું


06
સપ્તરંગ: દરેક ગુજરાતી પરિવાર આરોગ્યના ધક્કે ચડેલો કેમ છે ?

## યુપીઆઈ ચૂકવણી પર ચાર્જ, યુજીસીના નિયમો અને મોહન ભાગવત



વિચાર વલોણું


જયવંત પંડ્યા

આમ તો ગત છ ઑગસ્ટે જ નક્કી થઈ ગયું હતું કે આજે નહીં તો કાલે, યુપીઆઈ પર ચાર્જ લાગવાનો જ છે, કારણકે છ ઑગસ્ટે લોકસભામાં એક ખરડો પસાર થયો હતો. આ ખરડો ચૂકવણી અને નિવેડો પ્રણાલિ અધિનિયમ, ૨૦૦૭માં સુધારાને લગતો હતો. આ સુધારા અંતર્ગત સરકારે બૅન્કો અને અન્ય સેવા પ્રદાતાઓને યુપીઆઈ દ્વારા થતી ચૂકવણી પર ચાર્જ (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ-એમડીઆર) લગાવવા અનુમતિ આપી હતી.

તે સમયે જ ગ્લૉબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (જીટીઆરઆઈ)એ કહ્યું હતું કે ભારતે અમેરિકાના દબાણ હેઠળ યુપીઆઈને લગતી તેની નીતિ બદલવી ન જોઈએ. અને ભલે સરકાર ના પાડે, પરંતુ દેખીતી રીતે અમેરિકાનું દબાણ હતું જ. આ દબાણ માટે કોઈએ પણ સમાચારો પર ઝીણી આંખવાળી દૃષ્ટિ રાખવી પડે. ૨ એપ્રિલ ૨૦૨૬ના સમાચાર હતા કે અમેરિકાએ કહ્યું હતું કે ભારતની યુપીઆઈ પ્રણાલિ અમેરિકાની કંપનીઓ માટે વેપાર અઘરો કરી રહી છે. અમેરિકાના ડૅરી ઉત્પાદનોને ભારતમાં છૂટ આપવાની કે રશિયા પાસેથી ઈંધણ તેલ ઓછું ખરીદવાના દબાણ સામે મોદી સરકાર અડગ રહી શકી પરંતુ યુપીઆઈવાળી બાબતમાં નહીં. અને તમે જોયું હશે કે યુપીઆઈ ચૂકવણી પર ચાર્જના નિર્ણયની જાહેરાત સાથે ટીવી અને અન્યત્ર વિઝા કાર્ડની જાહેરખબરો આવવા લાગી છે. તેની જાહેરખબરમાં પાછું કોઈ નાનોમોટો સ્ટાર નથી, શાહરુખ ખાન છે! તેને કેટલા ચુકવાયા હશે આ જાહેરખબર માટે ! કેમ ચુકવાયા હશે? મીડિયામાં ૪ જૂન ૨૦૨૬એ સમાચાર આવ્યા હતા કે વિઝાએ શાહરુખ ખાનને ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કર્યો છે. શું જૂનમાં જ વિઝાને અંદાજ આવી ગયો હતો અથવા સરકારમાંથી સમાચાર લીક થઈ ગયા હતા કે સપ્ટેમ્બરમાં યુપીઆઈ ચૂકવણી પર ચાર્જ લાગી જશે? એક વત્તા એક કરો તો બે થાય તેવું સીધું-સાદું ગણિત છે.

એ બધી દલીલો બોદી છે કે યુપીઆઈ ચલાવવા માટે ફલાણો અને ઢીંકણો ખર્ચ લાગે છે. કોઈ પણ ચીજ મફત નથી મળતી અને ભારતીયોને બધું મફતમાં જોઈએ છે. જે લોકો આવી દલીલો કરે છે તેમને કહેવું જોઈએ કે યુપીઆઈ ચલાવવા માટે ખર્ચ લાગે છે તો સામા પક્ષે એક તો, નોટો ઓછી છાપવી પડે છે અને તે ખર્ચ બચે છે. બીજું, નોટોમાં વ્યવહાર નથી થતો તેના કારણે નકલી નોટો માર્કેટમાં ઘૂસાડવાની શક્યતા ઓછી થઈ જાય છે. અને ત્રીજું, ઑનલાઈન વ્યવહારના કારણે કાળા નાણાંનું સર્જન ઓછું થાય છે. લોકો કરની જાળમાં વધુ આવે છે. જીએસટીની માયાજાળમાંથી બચવું અઘરું પડે છે. છુટાં નાણાંની મગજમારી ઓછી થઈ જાય છે. યુપીઆઈ પછી જીએસટીની આવક ઉત્તરોત્તર કેટલી વધી છે? ૨૦૨૦ના આખા વર્ષમાં જીએસટીની આવક ૧૧.૩૭ લાખ કરોડ હતી જે જૂન ૨૦૨૬માં માત્ર એક જ મહિનાની ૧.૯૪ લાખ કરોડ થઈ છે.

આ બધો લાભ અત્યાર સુધી યુપીઆઈ માટે સમજાવતા હતા તે અચાનક ભૂલી ગયા?

દલીલ તો એવી થાય છે કે રૂ. ૨૦૦૦ સુધીની લેવડદેવડ પર કોઈ ટૅક્સ કે એમડીઆર (જે નામ આપો તે) નહીં લાગે. તો પ્રશ્ન એ છે કે રૂ. ૨,૦૦૦ શું બહુ મોટી રકમ આજના સમયમાં છે? બીજી દલીલ એવી છે કે રૂ. ૨૦૦૦ પર માત્ર ૦.૪ ટકા જ કર લાગશે. પરંતુ અત્યાર સુધીમાં વેપાર હોય કે કર, કોઈ પણ ઉત્પાદન કે પ્રણાલિની શરૂઆત થાય ત્યારે એમ જ કહેવામાં આવે છે કે તે આ રીતે સારું છે, તેની કિંમત ઓછી છે. પહેલાં મફતની ટેવ પાડવાની અને પછી ધીમેક રહીને થોડો ચાર્જ લગાડવાનો. પછી તે વધારતા જવાનો.

ભારતીયોને ચાની ટેવ કેવી રીતે પડી ખબર છે? ૧૯મી સદીમાં બ્રિટન અને ચીન વચ્ચે વેપાર એક તરફી વધુ હતો. ચીન વધુ નિકાસ કરતું અને બ્રિટન ચીનને ઓછી નિકાસ કરતું. ચીનની ચા, રેશમ અને પૉર્સેલિનની માગ વધુ હતી. સામા પક્ષે ચીનમાં બ્રિટનની ચીજોની કોઈ એવી મોટી માગ નહોતી. આથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં ચાની ખેતીને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. ઈ. સ. ૧૭૭૪થી શરૂ થયેલો આ પ્રયોગ સફળ થયો ઈ. સ. ૧૮૩૯માં, જ્યારે ચીન કરતાં ભારત બ્રિટનને વધુ ચા પૂરી પાડતું થઈ ગયું હતું. પરંતુ ભારતમાં હજુ ચા પીવાતી નહોતી. ઈ. સ. ૧૯૩૦ના દાયકામાં આવેલી મહા મંદીથી લુચ્ચા બ્રિટિશરોને નવું બજાર શોધવા તરફ વાળ્યા અને તેમને થયું કે ભારતથી મોટું બીજું કયું બજાર હોઈ શકે?

વિશાળ બજેટ સાથે ઈન્ડિયન ટી માર્કેટ ઍક્સ્પાન્શન બૉર્ડ (આઈટીએમઈબી) બનાવવામાં આવ્યું. તેણે ભારતીય ઈતિહાસમાં કદાચ સૌથી મોટું (ચાનું) માર્કેટિંગ કેમ્પેઈન શરૂ કર્યું. શરૂઆત કહેવાતા એલાઈટ એટલે કે ભદ્ર વર્ગથી કરવામાં આવી. ચાના માર્કેટિંગ માટે મોટી ટોળીને કામ સોંપવામાં આવ્યું. તે લોકોને કામ સોંપવામાં આવ્યું કે ચાની ટેવ પાડો. તેઓ પ્રવાસ કરતા અને લોકોને ચાની ભૂકી તેમજ ચાના નમૂનાના કપ આપવામાં આવતા. હિન્દુ ઉત્સવો અને બજારોમાં તેઓ ઘૂસી જતા અને ચા કઈ રીતે બનાવવી તેની સાચી રીત શીખવતા. ચાની જાહેરખબરો અને પુસ્તિકાઓ બનાવવામાં આવી. રેલવે મથકો અને બજારો જેવાં જાહેર સ્થળોએ તે મૂકવામાં આવતી. દરેક ઉત્પાદનમાં કોઈ લાભની વાત ઉપજાવીને જોડી કઢાય છે. એનર્જી બુસ્ટ કરનારાં પદાર્થથી કેટલી ઊર્જા વધે છે તે ખબર નથી. ફૅરનેસ ક્રીમથી કઈ કાળી વ્યક્તિ ધોળી થઈ, તે માટે શાહરુખ ખાન સામે કેસ ચાલે છે. બૉડી સ્પ્રેથી કઈ સ્ત્રી પુરુષ તરફ આકર્ષાય છે તે કોઈ કહી શકતું નથી.

ચાની તરફેણમાં એવી અફવા ઉડાડવામાં આવી કે (જેમ ભારતીયોમાં નૉન વેજનું પ્રમાણ વધારવા માટે જાતજાતની વાત કરાય છે તેવી જ રીતે) તેનાથી ભારતીયો પણ બ્રિટિશરો જેવા શક્તિશાળી બની જશે. એટલું જ નહીં, એવું પણ કહેવામાં આવ્યું કે ભારતમાં જાતજાતના વાડા છે, તે ચાથી દૂર થશે.

તે સમયે હિન્દુ મહિલાઓ લાજ કાઢતી અને મુસ્લિમ સ્ત્રીઓ બુરખા પહેરતી. આવાં ઘરોમાં ઘૂસવા માટે મહિલાઓને તૈયાર કરવામાં આવી. નોકરી કે મજૂરીના સ્થળે વચ્ચે ખાસ વિરામ આપવામાં આવવાનું શરૂ કર્યું જેથી એ સમયમાં નોકરિયાતો કે શ્રમિકો ચા પી શકે. તે સમયે ગાંધીજી દૂધના પક્ષકાર હતા અને મોટા ભાગના ભારતીયો પણ એ વાતમાં આવ્યા નહીં. જે કામ અંગ્રેજો વિશેષ રીતે ન કરી શક્યા તે કામ સ્વતંત્રતા પછી કાળા અંગ્રેજ જેવી નહેરુ સરકારે કર્યું. ઈ. સ. ૧૯૫૩માં આઈટીએમઈબીનું નવું નામકરણ થયું ટી બૉર્ડ ઑફ ઈન્ડિયા. હવે ચાને સ્વદેશી પીણા તરીકે પ્રમૉટ કરાવા લાગી.

જિયોની જ વાત લો તો તેણે દસ વર્ષ પહેલાં ડેટા સસ્તો કરી નાખ્યો (કારણકે તેણે ડેટાનું મહત્ત્વ પામી લીધું હતું જે બીજા સેવા પ્રદાતાઓએ નહોતું પામ્યું) પરંતુ ધીમેધીમે કેટલો વધારી દીધો ! સ્માર્ટ ફૉનની શરૂઆતમાં વાહ-વાહ થતી હતી પરંતુ ધીમેધીમે ગૂગલથી માંડીને ફેસબુક અને અલગ-અલગ ઍપમાં ફરજિયાત લૉગઈન (જે એક રીતે પૈસા સિવાયની તમારી ચૂકવણી જ છે કારણકે એ લોકો માટે ડેટાનું મહત્ત્વ પૈસા જેટલું જ છે) અને પછી સબસ્ક્રિપ્શન. યુટ્યૂબમાં જાહેરખબર વગર જોવું હોય તો સબસ્ક્રિપ્શન. સમાચારની ઍપ જોવી હોય તો સબસ્ક્રિપ્શન. ઑટીટી પર સબસ્ક્રિપ્શન.

મોદી સરકાર પાસે છેલ્લાં બાર વર્ષમાં સૌથી મોટી અનેક ઉપલબ્ધિઓમાં એક હતી યુપીઆઈ. તેનાથી ડૉલરને મોટો ફટકો પણ પડી રહ્યો હતો. કાળાં નાણાંનું પ્રમાણ ઘટી રહ્યું હતું. પરંતુ અમેરિકાના દબાણ નીચે જ દેખીતી રીતે મોદી સરકારે યુપીઆઈ પર ચાર્જ લગાડવાનો ભૂલભર્યો નિર્ણય કર્યો છે. સરકારવાદી હિન્દુઓ (વિશેષ તો ૨૦૧૪ પછી હિન્દુવાદી બનેલાઓ) કહે છે કે આ વેરો તો માત્ર વેપારીઓને લાગુ પડે છે, ગ્રાહકોને નહીં. આ તો હવે બાળકને પણ સમજાય તેવી વાત છે કે વેપારીઓ કંઈ પોતાના ખિસ્સામાંથી વેરો ક્યારેય ભરતા જ નથી. તેઓ આ બોજો ગ્રાહકો પર જ નાખશે. અને આ શરૂ થઈ પણ ગયું છે. યુપીઆઈ પેમેન્ટથી વસ્તુ ખરીદો તો વધુ ભાવ અને રોકડમાં ખરીદો તો ઓછો ભાવ.

યુપીઆઈને નાનામાં નાના ફેરિયાઓ – શાકભાજીવાળા, પાથરણાવાળાઓએ અપનાવી લીધી છે. અને આ વાતનો નરેન્દ્ર મોદી એક શૉ કેસ તરીકે વિદેશી રાષ્ટ્રાધ્યક્ષો સામે પ્રચાર કરતા હતા. તે લોકો સાચે જ પ્રભાવિત પણ થતા હતા. વિદેશોથી આવતા પ્રવાસીઓ પણ અહીં આ પ્રણાલિ જોઈને આશ્ચર્યચકિત થતા હતા કે જો તમે ઘરેથી પર્સ લઈને જવાનું ભૂલી ગયા હો પરંતુ તમારા ખિસ્સામાં મોબાઈલ હોય તો તમારે ક્યાંય વાંધો ન આવે. પરંતુ યુપીઆઈ પર ચાર્જ લગાડવાનો આ નિર્ણય ભૂલભરેલો અને પગ પર કુહાડી મારવા જેવો સાબિત થશે.

તાજેતરમાં સરસંઘચાલક મોહન ભાગવત રાજસ્થાનના ભીલવાડામાં ચાતુર્માસ કરી રહેલા જૈન મુનિ પુલકસાગર મહારાજને મળ્યા. બંને મહાનુભાવો વચ્ચે મુલાકાત અગાઉ પુલકસાગર મહારાજનો એક વિડિયો યુજીસીના અન્યાયકારી નિયમો ગત જાન્યુઆરીમાં આવ્યા પછી ખૂબ વાઈરલ બન્યો હતો જેમાં પુણ્ય આક્રોશ વ્યક્ત કરતા પુલકસાગર મહારાજ કહ્યું હતું કે યુજીસીના નિયમો ભેદભાવકારી છે, તેનાથી દેશ તૂટશે. સબ કા સાથ સબ કા વિકાસની વાતો થાય છે, પરંતુ તેમાં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય ક્યાં ઊભા રહે છે, તેમનો તો ભાવ પૂછાતો નથી. મીડિયા રિપૉર્ટ મુજબ, મોહનજીએ પુલકસાગર મહારાજને એવું આશ્વાસન આપ્યું છે કે યુજીસીના નિયમો હજુ પ્રસ્તાવ છે. તેને અનુમતિ નથી મળી. અને આ કાયદો ન તો બન્યો છે, ન તો બનશે.

આ બહુ મોટી વાત છે કારણકે એસસી-એસટી અધિનિયમ (એટ્રૉસિટી)ના દુરુપયોગ પર સર્વોચ્ચ ન્યાયાલયે ૨૦૧૮માં ચેતવણી આપી તેમાં દિશાનિર્દેશ જાહેર કર્યા હતા પરંતુ રાજીવ ગાંધીએ શાહબાનો કેસમાં જેમ કર્યું તેમ નરેન્દ્ર મોદીએ સર્વોચ્ચ ન્યાયાલયનો આ ચુકાદો ફેરવી તોળ્યો (તે વખતે આ કૉલમમાં આ જ શીર્ષક સાથે લખાયું હતું). અને તે પછી મોદી ગર્વથી કહે છે કે તેમાં વધુ કડક પ્રાવધાનો બીજાં જોડવામાં આવ્યાં છે. (એક આંકડો તો ૪૭નો છે.) પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર બોલવામાં પણ જામીન મળી શકે છે, પરંતુ એટ્રૉસિટીમાં નહીં. તેની સામે સવર્ણોનો વિરોધ એટલો ખાસ નહોતો, પરંતુ જ્યારે આ વાત યુનિવર્સિટી કક્ષાએ યુજીસી નિયમો થકી પહોંચી ત્યારે વિરોધ વધી ગયો અને તેમાંય જંતરમંતર પર ડાબેરી કૉકરોચોને જે રીતે સરકારે આંદોલન કરવાની સામે ચાલીને અનુમતિથી લઈ દિલ્લી પોલીસને ઠંડકથી કામ લેવા કહ્યું અને તે પછી આ હિંસક લોકો સામે કેસ પાછા ખેંચ્યા, તે બધા પછી અનામતની સમીક્ષા કરવાના પક્ષધર સવર્ણોએ જંતરમંતર પર પ્રદર્શન કર્યું અને તે પછી તેમનાં રીલ-પૉસ્ટ પણ ખૂબ આવવા લાગી. (સૉશિયલ મીડિયા આમેય સરકાર વિરોધી કંઈ પણ હોય તેને પ્રમૉટ કરે જ.)

આવામાં સંઘે જે રીતે હસ્તક્ષેપ કર્યો છે તે જોતાં ફરી એક આશા જાગી છે. જ્યારે પણ વિપક્ષો સાચા મુદ્દા સાથે પણ આંદોલન કરે છે ત્યારે એ મુદ્દા પર ભાજપ વિરોધી હોય તેવો ભાજપ સમર્થક પણ વિપક્ષોના કારણે ભાજપના સમર્થનમાં આવી જાય છે કારણકે આંદોલનમાં ભળે છે ભારત તેરે ટુકડે હોંગે ગેંગ, કાશ્મીરને સ્વતંત્ર કરાવવાની વાત કરતી જેએનયૂ અને ડીયૂ બ્રાન્ડ ગેંગ, ખાલિસ્તાન સમર્થકો, એલજીબીટીક્યૂ સમુદાય અને ફૅક ફેમિનિસ્ટ. એટલે ભાજપ સમર્થક પોતાનો વિરોધ ભૂલી જાય છે. જતો કરી દે છે. એટલે સંઘ અથવા સંઘ પ્રેરિત કોઈ સંસ્થાએ જ આગળ આવવું પડશે અને મોદી સરકાર પર લગામ કસવી પડશે. અમેરિકાનું દબાણ હોય કે અન્ય રીતે સરકાર પાર્કિંગથી લઈને અટલ સેતુ, હાઈ વે પર ટૉલ ટૅક્સમાં બેફામ વધારો કે પરીક્ષા ફી, શાળાની શિક્ષણ ફી જેવા મુદ્દે જે બેફામ ભાવવધારો થવા દે છે, રિડેવલપમેન્ટના નિયમો બિલ્ડરને અનુકૂળ પડે તેવા કર્યા છે અને ન્યાયાલયમાં પણ બિલ્ડરનો વિરોધ જોઈએ તેવો કરાતો નથી, તેના કારણે આજે ઘણા નિવાસીઓ પોતાના મકાન છતાં ભાડું ભરીને રહે છે, બિલ્ડર ભાડું નથી આપતો અથવા મુંબઈમાં એક સૉસાયટીમાં થયું હતું તેમ એક ઈંટ પણ નથી મૂકતો અને નિવાસીઓ નિરુપાયે વિવશ બનીને કૉર્ટે ચડે છે ત્યારે અપવાદ સિવાય બહુ ઓછા કેસ તેમની તરફેણમાં આવે છે. ભાજપને ચૂંટણી જીતવા મત બૅંક જોવી પડતી હશે, તેથી અત્યાચારી એટ્રૉસિટી કે અનામતમાં ઓછા મેરિટની જોગવાઈ જેવી સમીક્ષા કરવા તે તૈયાર ન થતો હોય તે બની શકે કારણકે સામા પક્ષે રાહુલ ગાંધીથી માંડીને અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિતના વિપક્ષો 'હિન્દુઓમાં ભાગલા પાડો અને લઘુમતીને એક કરો'ની રાજનીતિથી ચાલે છે, ભાજપને ફંડ માટે બિલ્ડરોનો સાથ આપવાની વિવશતા હોઈ શકે પરંતુ સંઘને કોઈ વિવશતા નડતી નથી. તેના માટે દેશ પ્રથમ હોવાનું કહેવાય છે. તેની પાસે આખું માળખું છે જે અનુચ્છેદ ૩૭૦, શ્રી રામમંદિર, ત્રિતલાકની જેમ સાચો નેરેટિવ સમાજમાં પ્રસરાવી શકે છે. આમેય, હિન્દુ શાસ્ત્રો મુજબ તો ઈન્દ્ર પર મોહનની લગામ હોય જ છે. સંઘે માત્ર આ વાત જ યાદ કરવાની છે. કારણકે મધ્યમ વર્ગ અને સવર્ણો પણ ભારતીય સમાજનો જ હિસ્સો છે. ■

jaywant.pandya@gmail.com

## મારા એક સંબંધી કેનેડા રહે છે. તમારે કેનેડા વિશે કાઈ જાણવું છે?

હાસ્યાય નમઃ


ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)દિલ કે ઝરોખે મેં તુજકો બીઠાકે રખુંગા દિલ કે પાસ. આ ઝરોખો કેટલો મોટો હશે ? - જીગર યાદવ (દાત્રાણા-પાટણ)

બેસે પછી ખબર પડે.

(૨)નેતાઓના વાયદા અને પોલીસના કાયદા વચ્ચે અંતર શું?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

ભેગાભેગ વેપારીના ફાયદા વિશે પણ પૂછી લીધું હોત તો મારે અલાયદા જવાબ ન આપવા પડત.

(૩)કાજલથી કાળું શું છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

મેં પૂછ્યું તો કાજલના પપ્પાએ કાજલના મમ્મીનું નામ દીધું!

(૪)કેટલામાં માળના ફ્લેટમાં રહેવું ઉત્તમ ગણાય?

રમાબેન પટેલ (અમદાવાદ)

જ્યાંથી નીચે નજર કરીએ તો નીચે સ્ત્રી ઊભી છે કે પુરુષ એ ખબર પડી જાય એટલામાં માળે.

(૫)ધારો કે હું ચૂંટણીમાં ઊભો રહ્યો. તો તમે મને મત આપો?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

ગમે એટલા પ્રયત્ન્ કરું પણ મારાથી એવું ધારી શકાતું નથી.

(૬)આગળ વધવા શું કરવું?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

પહેલા એક પગ આગળ મૂકો પછી બીજો પગ આગળ મૂકો પછી ત્રીજો અને ચોથો પગ ન હોય તો ફરીથી પહેલો અને બીજો પગ આગળ મૂકો. એમ કર્યા કરો.

(૭)મારા એક સંબંધી કેનેડા રહે છે. તમારે કેનેડા વિશે કાઈ જાણવું છે? - દર્શન પટેલ (વડોદરા)

હા, સંબંધીને પૂછી લો ને કે ત્યાં સાસુ વહુ રોજ ધબધબાટી બોલાવે?!

(૮)તમને કોઈ અમેરિકન મળે તો એને શું સવાલ પૂછો?

જય દવે (ભાવનગર)

અમેરિકામાં કાર પાછળ કૂતરાં દોડે?

(૯)ભાઈ શ્રી! તમે અમારા સવાલોના જવાબ ના આપો તો અમારું શું થાય? - બાલુભાઈ કિકાણી (લીલિયામોટા)

મને પણ એવો વિચાર આવે છે. તમે સવાલ ના પૂછો તો મારું શું થાય?

(૧૦)સાહેબ..! છપ્પનભોગ એટલે શું?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

છપ્પન એટલે ફિફટી સિક્સ.. ભોગ એટલે શું એ ન સમજાય તો ભોગ મારા અને તમારા!

(૧૧)સાહેબ..! વિચારવાનું મન ક્યારે થાય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

મગજ ધડે હોય ત્યારે.

(૧૨)સાહેબ..! દિલનો તાર કોની સાથે જોઈન્ટ હોય છે?

ધોરાજીયા કેવિન એન. (સાજણટીંબા કેનેડા)

એ તારનું ફિન્ડલું પડ્યું ખૂણામાં.

(૧૩)દયનીય સ્થિતિને "ભગવાન ભરોસે" કહેવાય છે; આમાં ભગવાનની માનહાની ના કહેવાય?

કનુભાઈ પરમાર (દામનગર)

આ સવાલથી તમે મારી સ્થિતિ દયનીય બનાવી દીધી છે.

(૧૪)ફિલ્મ 'શોલે'માં વીરુ બસંતીને નાચવાની કેમ ના પાડે છે?

ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ (મધવાસ જિ-મહીસાગર)

એ એમ પણ કહે છે કે કુત્તો કે સામને મત નાચ અને આપણે સામે બેઠા બેઠા તાળીઓ પણ પાડીએ છીએ!!

(૧૫) પેલા જમાનામાં પતિ પત્ની એક બીજાના નામ લઈ ને કેમ ના બોલાવતા ? - રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

પેલા નામ સાવ દેશી હતા એટલે.. ! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## પ્રતિવાદના મુદ્દાની પસંદગી – દાંડીયાત્રા અને છોલે ભટુરે....

રાજકીય રસધાર


પ્રવીણ માધાણી

ગાંધીજીએ મીઠા પર અંગ્રેજ સરકાર દ્વારા વસૂલવામાં આવતા કર સામે અહિંસક સવિનય કાનૂનભંગની ચળવળ હેઠળ મીઠા સત્યાગ્રહ કર્યો હતો. સરદાર પટેલ અને સુરતના કાર્યકર કલ્યાણજી મહેતાએ ગાંધીજી દ્વારા નક્કી કરવામાં આવેલ રૂટમાં ફેરફાર કરીને દાંડીકૂચનો નવો રૂટ નક્કી કર્યો. સાબરમતી આશ્રમથી લઈને નવસારીના દાંડી મુકામે એમણે ચપટી મીઠું ઉપાડીને જનતા સમક્ષ હાથ ઉંચો કર્યો, દાંડીનો દરિયાકાંઠો ગગનભેદી હુંકારથી ગાજી ઉઠ્યો.... "નમક કા કાનૂન તોડ દીયા...." જે મીઠાની કિંમત દસ પાઈ હતી તેની ઉપર કર વીસ આના એટલે ૨૪૦ પાઈ હતો એટલે ઉત્પાદનની કિંમતના ૨૪ ગણો કર હતો. ઉપરાંત કાયદો કરવામાં આવ્યો હતો કે પરવાના વિના મીઠું બનાવવું, ઓસવી લેવું, કુદરતી મીઠું અથવા ખારી માટી ખોદવી વગેરે ગુનો ગણાય અને તે માટે સજા થાય. ગાંધીજીએ અંગ્રેજોને પડકાર ફેંક્યો કે "સરકાર લોકોનું મીઠું ચોરે છે અને એ ચોરીની ચીજને માટે લોકોની પાસે ભારે વેરો લે છે." ભારતની આઝાદીની ચળવળના ઈતિહાસમાં દાંડીકૂચ પ્રજા જાગૃતિનો એક માઈલસ્ટોન ગણાય છે. પ્રજા જાગૃતિ એટલી વ્યાપ્ત થઈ અને ચળવળને એ બળ મળ્યું કે અંગ્રેજોએ આ ચળવળને કાબુમાં લેવા દેશભરમાં લગભગ ૭૫૦૦૦ જેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓની ધરપકડ કરવી પડી. એણે અંગ્રેજ હકૂમતના પાયામાં લૂણો લગાડ્યો. આ કૂચથી કર સંપૂર્ણ નાબૂદ તો ન થયો, પણ પ્રજા જાગી ગઈ.

દાંડીકૂચ બે મોટા રાજકીય બોધપાઠ આપી ગઈ. સૌ પ્રથમ તો એક સામાન્ય કાર્યકર અને એક કુશળ સંગઠન કર્તાએ નક્કી કરેલ રસ્તે ચળવળનો સર્વોચ્ચ નેતા ચાલી ગયો. ગાંધીજી જો ઈચ્છા રાખત તો પોતે નક્કી કરેલ રસ્તે જ ચાલત, પરંતુ એક સામાન્ય કાર્યકર્તાની દુરંદેશી અને સલાહ પ્રમાણે એમણે પોતાના રસ્તામાં ફેરફાર કર્યો. ક્યારેક નાનો કાર્યકર્તા પણ સર્વોચ્ચ નેતાગીરીને દોરવણી આપી જવા સક્ષમ હોય છે, માટે તેનો આદર કરવો. બીજો બોધપાઠ એ કે વિરોધ કરવાના મુદ્દાની પસંદગી વિવેકબુદ્ધિ અને ડહાપણથી કરવી. વિરોધીને ખબર પણ ન પડે અને ચિત થઈ જાય. મીઠાનો કર નાબૂદ ન થયો, સ્થૂળ સ્વરૂપે કૂચ નિષ્ફળ ગઈ કહેવાય, પણ એ કૂચે લાંબાગાળાની જે અસરો છોડી, એ અસરોની કલ્પના પણ અંગ્રેજો ન કરી શક્યા. મીઠા પરનો કર દૂર કરાવવાના બેનર હેઠળ ૨૪૧ માઈલ અને ૭૯ સાથીદારો સાથેની યાત્રાએ જે પ્રજા જાગૃતિનું કામ કર્યું એ દાંડીકૂચના પરિણામે ગાંધી-ઈરવીન કરાર થયા. આ કરાર અંગ્રેજ સરકારે ગાંધીજીને સમસ્ત ભારતના પ્રતિનિધિ ગણીને કર્યો. સવિનય કાનૂનભંગના તમામ રાજકીય કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. અંગ્રેજો કોંગ્રેસને ગંભીરતાથી લેવા લાગ્યા. દાંડીકૂચ વિરોધ કરવાના કોઈપણ પરિમાણ સામે ચઢિયાતી સાબિત થાય તેવી ઘટના તરીકે ઈતિહાસમાં આલેખાઈ ગઈ.

દાંડીકૂચ સ્વરૂપે સરકારનો વિરોધનું દ્રષ્ટાંત રાજકીય વર્તમાન કે ભવિષ્યના કોઈપણ મોડ પર પ્રસ્તુત રહેશે. આજે વાહિયાત મુદ્દાઓ પર રાજનીતિ કરતા પોણીયા નેતાઓ જોઈને અફસોસ થાય કે મુદ્દા પસંદગીમાં આ લોકોએ બુદ્ધિનું દેવાળું ફૂંક્યું હોય એમ લાગી રહ્યું છે. ભારતમાં ૧૮મુ બ્રિકસ શિખર સંમેલન યોજાઈ ગયું. આ સંમેલન દરમિયાન બ્રિકસ દેશોએ મળીને એકસો ચાલીસ પેરેગ્રાફનું એક સંયુક્ત જાહેરનામું બહાર પાડ્યું. ૧૧ પૂર્ણ સભ્ય દેશો અને ૧૦ ભાગીદાર દેશો કોઈ એકસો ચાલીસ મુદ્દે એક સહમતી સ્વીકારે એ અભૂતપૂર્વ ઘટના છે. એમાં એવા દેશો પણ સામેલ છે જે એકબીજા સામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુધ્ધમાં ઉતરેલા છે. ભારતના આંગણે આવીને પોતાના અંગત મતભેદો કોરાણે મુકીને એકબીજા સાથે જો તેઓ સંમત થતા હોય તો એ ભારતીય વિદેશનીતિની ભવ્ય સફળતા ગણી શકાય. દેશ દુનિયાએ અને દેશમાં સરકારના ભણેલા ગણેલા વિરોધીઓએ પણ સ્વીકાર કર્યો કે આ સંમેલન દ્વારા ભારતે પોતાની આંતરરાષ્ટ્રીય તાકાત અને છબી ઉજળી કરી છે.

બ્રિકસ સંમેલનને લઈને જો સરકારની આલોચના કરવાની થાય તો ક્યાં મુદ્દે કરવી ? એ માટે તમારે એ સમ્મેલન દરમિયાન થયેલી સમજૂતીઓ, ઘડાયેલ નીતિઓ, લેવાયેલ નિર્ણયો, થયેલ ચર્ચાઓનો ગહન અભ્યાસ કરવો પડે, તેમાં તમારી વિવેકબુદ્ધિ આધારે ભારતના હિતને સાપેક્ષે રાખીને તર્કબદ્ધ દલીલો સાથે મેદાનમાં આવવું પડે, જો તમારા વાદ સામે કોઈ પ્રતિવાદ થાય તો તેના જવાબો આપવાની પૂરી તૈયારી રાખવી પડે. આ બધું તો જ શક્ય છે જો તમે ભારતના હિતને કેન્દ્રમાં રાખીને કોઈ નિર્ણય, નીતિ, સમજૂતી કે ચર્ચાને પડકાર કરી શકાય એટલી સંવૃદ્ધ તટસ્થ વિવેકબુદ્ધિ ધારણ કરતા હોવ. આખા બ્રિકસ સંમેલનમાંથી તમને સરકારની ટીકા કરવા માટે જો તમને વેજ નોનવેજ ભોજનનો મુદ્દો જ મળી શકતો હોય તો ભારતની જનતા તમારું માનસિક સ્તર માપી શકે તેટલી સરેરાશ બુદ્ધિ ધરાવે છે.

કોઈ મુદ્દે તમે સમર્થન ન કરી શકો તો કોઈ હર્જ નથી. એ તમારો સ્વભાવ કે માનસિકતા હોઈ શકે છે કે એ તમારી બીજા પ્રત્યેની કુંઠા હોઈ શકે છે કે તમે કોઈ બીજાના રાજસૂય યજ્ઞ જેવા પુરુષાર્થને પણ બિરદાવી શકતા નથી. જે બાબતની કે વ્યક્તિની ચોમેર પ્રશંસા થઈ રહી હોય, જે વ્યક્તિ તમારા કરતા દરેક બાબતમાં ચઢિયાતી હોય કે પરફોર્મ કરી રહી હોય તો તેની સામે હથિયાર મૂકી ન શકો તો પણ મ્યાન કરી દેવા જ ડહાપણ છે. જે બાબતનો વિરોધ નથી થઈ શકતો કે વિરોધ કરી શકવા માનસિક રીતે તમે સક્ષમ નથી, તો એ મુદ્દો છોડી દેવો જોઈએ, અકારણ તેનો વિરોધ તમને વિરોધીઓની સામે નબળા સાબિત કરી શકે છે. તર્કવિહીન વિરોધ કરવા જતા તમારું માનસિક સ્તર ઉઘાડું પડી જાય એ સરવાળે તમને જ નુકસાન કરી મેલે છે. એક કહેવત છે કે જયારે ડાહ્યો માણસ ચંદ્ર બતાવી રહ્યો હોય છે ત્યારે મુરખાઓ તેની આંગળી તરફ જોઈ રહ્યા હોય છે.

ક્વિક નોટ – ફિલસૂફ માટલું ખરીદવા ગયો, કુંભારને પ્રશ્ન કર્યો કે આમાં ઉપરથી કાણું પાડીને પાણી ભરીયે તો પણ શું ફાયદો ? નીચે તો મોટું બાકોરું છે. ■

production@infiniumpharmachem.com

# રખોપું



લઘુનવલકથા
યોગેશ પંડયા



અષાઢનો ગોરંભો બરાબરનો જામ્યો હતો. વીજળી સળાવા લેતી હતી. જેમલા પઢિયાર અને મેરા ભૂવાનો કારસો બરાબરનો ગોઠવાઈ ચૂકયો હતો. આજ પોપટ પીંજરામાં પુરાઇ ચુકયો હતો. અને આવી મીઠી રાતે ગઢમાં રાજઢોલિયા ઉપર બેઠી બેઠી મેના પણ કોઈની વાટ જોતી હતી પણ આજે ?

જેમલો પઢિયાર અને મેરો ભૂવો ખડખડાટ હસ્યા. એ અટ્ટહાસ્યના પડઘા ગામના આથમણા પાદરે ઉભેલા વર્ષોથી અપૂજ પડ્યા રહેલા શિવાલયના ગર્ભગૃહ સાથે ટકરાઈને જાણે હેઠે પડયા અને ભગવાન શિવજી પણ કંપિત થઇ ગયા. રામા-જેમલાની કટુનીતિથી. ભોળો એકકોર પડ્યો હતો. હવે એને કશી સાધ નહોતી. બેભાન બની ગયો હતો અને લવારી કરી રહ્યો હતો: ‘રતન... રતન... રતન...‘

‘રતન તો દીકરા, આજ અમારી હાર્યે રંગે રમશે...‘ મેરો ભૂવો બકી ગયો કે જમલાએ એના મોઢા આડે હાથ દઈ દીધો: ‘ભૂવા, વાડ સાંભળે, વાડનો કાંટો સાંભળે. હવે હાલો ઝટ, પૂગી જાઈએ ભોલિયાના ઘરે. એટલે તમારા ઓરતાય પૂરા થાય.‘

ભોળો ખરેખર ભોળિયો હતો. ત્રીસ વરસ લગી કોઈ એને કન્યા આપતુ ન હતુ અને જયારે કન્યા મળી ત્યારે કાચની પૂતળી જેવી મળી ગઇ – રતન.. રતનનું પુષ્ટ માંસલ શરીર અને રૂપની કળીઓ. આ મેરા-જેમલાની જોડીની આંખોમાં અંજાઇ ગઇ. આહાહા.. પૂનમના ચંદ્રમા જેવુ રૂપ અને એ પણ ભોળિયાને ઓરડે ?

‘વાતમાં પણ માલ નહિ જેમલા, કાંઇક કારહો કર્ય ગાંડીના, નહિતર આ પંખી હાથમાં આવે એવુ નથી. "..ભૂવો ઉપરતળે બોલી ઉઠેલો ત્યારે જેમલા પઢિયારે કહ્યુ: ‘ભૂવા, ખમૈયા કરો ખમૈયા. આ જેમલો ઉડતા પંખી પાડે એવો છે. એમાં રતનની તો શું વિસાત ? ‘

હાથમાં કાચના ગોળવા લઈને એ, એકવાર કૂવા કાંઠે આવેલો. જયાં રતન પાણી ભરતી હતી.

‘ભાભી, લ્યો આ ગોળવા તમારા માટે...‘

રતને એની સામે જોયુ અને પછી કાચના ગોળવાનો જેમલાના મોઢા ઉપર ઘા કરીને તણખેલી: ‘તારા ઘરે મા કે બહેન હોય એને પહેરાવજે. આજ તુ ખોટા સરનામે આવી ગયો. ફરીવાર જો મળીશ તો એક અડબોથ ભેગો પાડી દઈશ સમજયો ? ‘ અને જેમલો પોબારા ગણી ગયો. પણ એક ઉનાળાનો દિ‘ તે દિ‘ ગાય માટે ચારો લેવા રતન જતી હતી ને અચાનક એના પગમાં કાળો મણજર વિંટળાઇ ગયો. રતન ચીસો પાડવા મંડી પણ એના ખબર લઈ વાજોવાજ આવતો જેમલો દોડી આવ્યો. રતને મદદ માટે બૂમ પાડી, જીવનું જોખમ તો હતુ જ પણ એ જોખમ પાર ઉતરી જાય તો સામે રૂપના ચંદ્રમાના હૈયા ઉપર કાયમનો રાતવાસો કરી શકાય એમ પણ હતુ. એણે મોત સામે ખેલી લેવાની નિર્ધાર કર્યો અને એક જ પળમાં નિર્ણય કરીને માથે બાંધેલ લાલ વાયલના ફટકા વડે સાપનું મોઢુ દબાવી દીધુ. સાપ પણ ઝનૂન ઉપર આવી ગયો પણ અંતે મકોડા ઢીલા પડી ગયા ને, જેમલાએ આંચકો મારીને એરું નો ભરડો કાઢી નાખ્યો. તે દિ‘ રતન જેમલા આગળ રોઈ પડી. તેના ધોળી ધોળી કૂણી માખણ પીઠ ઉપર હાથ ફેરવતો જેમલો તેને છેક ઘર સુધી મૂકી આવ્યો પણ તે દુ‘ નો ભોળિયો જેમલાનો ઓશિંગણ બની ગયો.

બસ, જેમલો જે રાહ જોતો હતો એ ઘડી આવી ગઈ. મેરા ભૂવાએ ચપટી નાખીને દાણા આવ્યા. આજના શુકન સારા હતા. તે દિ‘ મેળામાં લઈ જવાનું કહીને ભોળિયાને ઉપાડી આવ્યા. અષાઢી બીજનો તરવાણીનો મેળો માણ્યા પછી ટાઢોડાના છાંટો પાણી કરવા સૌ પુરાતન શિવાલયમાં આવ્યા. અહીંનું એકાંત કોઈને ખબર પડે એમ નહોતી.

છેલ્લા અઠવાડીયાથી આ કારસો ઘડાઇ ચૂકયો હતો અને એના માટે કટકેટલા વાના કરવા પડ્યા હતા ?

બેય જણાએ ભોળિયા ઉપર નજર નાખી. હવે એ સવાર લગી ભાનમાં આવે એમ નહોતુ. બેય જણા દબાતા પગલે ઉપડ્યા..

રાત વીતી ચૂકી હતી. ગામની શેરીઓમાં સોપો પડી ચૂક્યો હતો. જેમલાએ ભોળાની ખડકી ઉઘાડી. ઝાંખા પાંખા ફાનસની રાગમાં ચોખ્ખુ દેખાયું. અંદરનુ દ્રશ્ય જોઈને જેમલાના મોઢામાં પાણી આવી ગયુ: જાણે સ્વર્ગની અપ્સરા રંભા ફૂલશૈયા ઉપર ખુદ જેમલાની રાહ જોઈને જ સુતી હતી.

ભૂવાએ જેમલાની પીઠ થપથપાવી: ‘જા જા તુ તારે... બીક રાખમાં, આજ તો થાવા જેવી થઈ જાય.. હું અહીં ધ્યાન રાખુ છુ. જા‘

જેમલો આગળ વધ્યો. ઓંસરીની થાંભલીએ ટીંગાતા ફાનસની શગ ઝાંખી કરી નાખી સામે ઉભેલા માણસનું મોઢુ માંડ દેખાય એટલી ઝાંખી.. અને પછી એ ઓરડામાં આવ્યો. પગરવનો અવાજ સાંભળી ખાટલીમાં સૂતેલી રતન જાણે સળવળી. જેમલો પડખે બેઠો. રતનના માથે હાથ ફેરવ્યો ને‘ પછી એના ઝૂકતા હળવેથી બોલ્યો: ‘રતન...‘

જાણે હમણા જ જોયેલો એનો વાંહો અને એરું નો ભરડો છૂટી ગયા પછી કેળની થાંભલી જેવા એના પગ દેખાઈ રહ્યા...

હળવે‘ક થી નીચા નમી એના ગાલ પર ચુંબન કર્યુ. એના પ્રતિસાદમાં ઝાંઝરી ઝણકી. જેમલો ખુશ થઈ ગયો. અવળુ ફરીને જોયુ તો મેરો ભૂવો ખડકીએ ઉભો ઉભો ઝાંખો પાંખો કળાતો હતો. જેમલો ઉભો થયો. કમાડ વાસ્યુ અને ઓરડામાં ટીંગાતુ એક બીજુ ફાનસ સતેજ કર્યુ. અવળુ ફરી ગયેલી રતનને પોતા ભણી ખેંચી. પણ એ કાંઇ સમજે કારવે એ પહેલા, સટ્ટાક કરતી એક અડબોથ તેના કાને પડી. જાણે કાનમાં તમરા બોલી ઉઠયા. જોયુ તો પોતાની ઘરવાળી – રણુ..

‘ રણુ ? તેના ગલામાં ચીસ નીકળી ગઈ: ‘ તુ? ‘

‘ હા હું, નીચ, નાલાયક અત્યાર લગી મને ખબર નહોતી પણ તે દિ‘ તુ અને પેલો કાળભુખો ભૂવો કારસો ઘડતા હતા એ હું સાંભળી ગઈ હતી. તને ભર્યા ભવમાં આ શું સૂઝ્યું ? એક તો આવા કૂડા કામ કરે છો અને પાછો ધરમની પૂંછડી થઈ ને માતાજીના મઢે બેસે છો ? તને કો‘ક વહુ દીકરીના શ્રાપ લાગી જશે અને થઈ જઈશ નકકામો-‘

‘ બસ બસ રાણુ...‘

‘ અરે, હું તારી બાયડી છુ. એમ રતનેય કો‘ક ની બાયડી છે!. તારી બાયડી ઉપર કો‘ક નજર નાખે તો તને કેવુ લાગે ? આ જ બિચારા ભોળિયા ભગવાન જેવા ભોળાને દારૂ પીવડાવીને કયાંક નાખી દીધો. પણ ભગવાને એની બૈરીનું રખોપુ કરવા મને ઉભી રાખી છે. સમજયો ? અને હા, કયાં ગયો પેલો કુકર્મી ? ‘

પણ અંદર ભજવાઇ ગયેલા પાઠની જાણીને ભૂવો તો કયારનોય અંધારામાં ગરક થઈ ગયો હતો. જેમલો ઉભો ઉભો થરથરતો હતો. અને પોતાની આબરુ ને અક્ષત રાખનાર રાણુને ભેટીને રતન રડી રહી હતી... ■

# મેં પ્રેમથી આપેલી ભેટ તમે તો મને પાછી આપી દીધી



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર



"હા, મને તો તારીખ પણ યાદ છે, ભાભી...!"

"તો સારું, હવે પહેલાં તો તું આ ખાવાનું શરૂ કરી દે. હું મારી વાત પણ ચાલુ રાખીશ. જેથી મારે જવાનું મોડું ન થાય..." ભાભી એ આવું કહેતાં હવે મહેશે જમવાનું ચાલુ કર્યું. અને શાંતુએ તેની વાત કહેવી શરૂ કરી : "હવે વાત એમ છે કે, તારી સાથે મેં અને મારી સાથે તેં, જે પરમસુખ ભોગવ્યું એ તો ઠીક... પરસ્પર એકબીજાની સહમતી કે પછી બંનેની અતિ તીવ્ર કામેચ્છા અને સમજૂતીથી આપણે એક જ પથારીમાં અનેરી ખુશી માણી. હવે આવું અદ્વિતીય સુખ ભોગવી લીધા પછી, તેના કાળજીએ મને હવે કંઈક જુદો જ અહેસાસ થઈ રહ્યો છે કે... મારા શરીરની અંદરની સ્થિતિ થોડી બદલાઈ રહી છે. આમ પણ પહેલાં તો મારે મહિનો પૂરો ન થયો હોય ત્યાં તો હું એમ.સી. માં અચૂક આવી જતી. આપણે ભેગાં થયાં તે વાતને આજે બે મહિના પસાર થઈ ગયા છે. તો પણ હજી આજે સુધી એમ. સી. માં આવી નથી. અને બીજું...એવો કોઈ દુખાવો પણ મને નથી થતો. એટલે મને તો લાગે છે કે, કદાચ હું..."

"બસ..., એક જ વારમાં આવું થઈ જાય, ભાભી...?" મહેશે આશ્ચર્યથી પૂછ્યું.

"એક જ વાર કેમ ? તું પાગલ છે, સાચે જ બધું ભૂલી ગયો છે. યાદ કર તું... એ પહેલી વખત આખી રાતમાં તેં તો સવાર સુધી મને..." શાંતુએ બોલતાં સહેજ અટકી.

"હશે ભાભી...હશે. હું ભૂલી ગયો હોઈશ બસ...!"

"અને પછી કદાચ એકાદ દિવસ કોરો ગયો હશે, રોજ રોજ તું તો મને એમ જ ભીંટી જતો, ને હું પણ તને ના ન કહેતી. એ બધું ય તું તો..."

"તમે સાચા ભાભી..બસ ! પરંતુ હવે મારે શું કરવાનું...?"

"તારે તો કંઈ કરવાનું નથી, પરંતુ સાથે જ એવું કંઈક મારા પેટમાં હશે તો..., મારે આ બાબતની જાણ દામલને તો કરવી જ પડે ને...?"

"અરરર... ભાભી, આવી જાણ તમે દામલને કરશો કેમ...?"

"હું પણ મુંઝાણી છું છતાં વિચારું છું કે મારે આવી વાત દામલને કઈ રીતે કરવી ? વળી તેને શંકા પણ ન થવી જોઈએ એ ધ્યાન પણ મારે રાખવું જ રહ્યું."

"હું તો આજનો દિવસ જ અહીં છું. કાલે તો ચાલ્યો જઈશ. અત્યારે તો હું સાવ અશક્ત છું. કંઈ જે કરી શકું તેમ નથી. મારામાં તાકાત જ ક્યાં છે ? પરંતુ એટલું તો હું ચોક્કસ કહીશ કે, તમે તો મને જિંદગીભર યાદ રહેશો જ..."

"તો શું... હું તને ભૂલી શકીશ...?"

"હા..., તમે મને ભૂલી શકો. સ્ત્રીઓને ભૂલી જવું એ તેના ડાબા હાથની રમતની વાત છે. જો કે આ મારું અંગત માનવું છે. પરંતુ કારણ મારી સામે છે. જુઓ અગાઉ" મેં પ્રેમથી આપેલી ભેટ તમે તો મને પાછી આપી દીધા. જે આવી કિંમતી ભેટ તમે પાછી આપી શકતા હો તો પછી આપણા અંગત સંબંધોની મારે વાત જ શી કરવી ? હા, ભેટમાં આપેલી વસ્તુ પાછી આપવાથી આપણાં શારીરિક સંબંધો ભૂલી નથી જવાતા અને કોઈપણ બોલવાથી કે સોગંદ ખાવાથી શુધ્ધ કે પવિત્ર કે સાચા નથી થઈ જવાતું. કારણ કે સ્ત્રી હોય કે પુરુષ તેના શરીરની અંદરની લાગણીઓ તો ઘસમસતી જ રહે છે. એ બંધ થતી જ નથી, ને બીજું, સ્ત્રીને તો તેનો મતલબ પૂરો થયો એ પત્યું. પછી આવા શરીરના સંબંધને તે દૂર થઈને કાયમ રાખવાની જ વાત કરે છે. તો પછી મારા જેવા ઉત્તેજિત થયેલા પુરુષોએ શું કામ લલચાવવા જોઈએ...?" મહેશે આજે ખરેખર મોટા ગજાની વાત કરી.

"ના મહેશ ના, હું તને એવી લાગુ છું...? અને સાવ એવું પણ નથી. હા, પરણેલી સ્ત્રીઓને અમુક આખ જાતની એક મર્યાદા હોય છે. ફક્ત મોજ કરવા કે ફક્ત આનંદ કરવા માટે જ તે આવા સેક્સી સંબંધો નથી બાંધતી. પરંતુ પરિણીત સ્ત્રી માતૃત્વ પ્રાપ્ત કરવા માટે હંમેશાં ઝંખતી જ હોય છે. આવી માતૃત્વની પ્રબળ ઝંખના જ તેને આવું બધું કરવા પ્રેરે છે. પછી એકવાર માતૃત્વનો અંશ તેના પેટમાં પોષાવા મંડે એટલે પછી આવા સંબંધોથી તે હંમેશ માટે છુટકારો મેળવવા પ્રયત્ન તો કરે જ છે..." શાંતુએ પણ હકીકતે સાચી જ વાત કરી.

"જો તમે સ્ત્રીઓ આવું કરો તો પછી અમારા જેવા છોકરાઓ શું કરે...? ક્યાં ક્યાં રખડે, ક્યાં ક્યાં ભટકે...?" (ક્રમશઃ) ■

# દરેક ગુજરાતી પરિવાર આરોગ્યના ધક્કે ચડેલો કેમ છે ?



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

??શરદ ઋતુ હવે શરૂ થઈ છે. આપણું ઋતુ ચક્ર જ એવું છે કે એમાં શરીર સાથેના હિસાબ કિતાબનો મહિનો હોય છે છેલ્લો. છેલ્લો એટલે ભાદરવો અને આસો. શરદ ઋતુ શરીરના હિસાબ-કિતાબની ઋતુ છે, એટલે કે આખા વર્ષ દરમિયાન તમે શરીર પર જે વીતાડી હોય છે અને શરીર પર પોતાના મોજશોખ ને કારણે એક પછી એક જે જુલમ કર્યા હોય છે એનો હિસાબ લેવા માટે શરીરને કુદરતે શરદઋતુ આપી છે. શરદઋતુ આમ તો ચાર્ટર્ડ એકાઉન્ટ કે ઓડિટર કક્ષાની ઋતુ છે. ગુજરાતીઓમાં જે બહુ જ અણગમ્યે જાણીતો શબ્દ છે અને જેને ગુજરાતીઓ રોગ ગણતા જ નથી એ શરદી શબ્દ પણ શરદઋતુ પરથી ઉતરી આવ્યો છે. ગુજરાતમાં તો કેટલા બધા લોકો શરદીથી ઘેરાયેલા હોય છે. લાખોની સંખ્યામાં શરદીયુકત નાસિકાઓ હોય છે. એક ગુજરાતી તરીકે આવા શરદી પ્રકરણ અંગે દરેક ગુજરાતીને શરમ આવવી જોઈએ. શરદી લઈને કોઈના ઘરે આ વિચારની શરૂઆત થવાને ન જાણે હજુ કેટલાય વરસોની વાર છે.વળી આ શરદીનો પ્રચાર અને પ્રસાર સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહે છે. જાહેર ખરીદીના સ્થળોએ અને સગા - વહાલાઓમાં, બધા મિત્રોમાં પણ અને મુરબ્બીઓમાં પણ નિયમિત રીતે શરદીના જીવંત અવશેષો જોવા મળે છે. ગુજરાતીઓ માથે આ કેવડી મોટી આપત્તિ છે એ સમજતા હજુ દાયકાઓ જવા દેવા પડશે. એક તંદુરસ્ત માણસે ગુજરાતીઓ વચ્ચે શરદી મુક્ત રહેવું બહુ અઘરું થઈ ગયું છે. કારણ કે ચોતરફ શરદીનું વહન કરનારા લોકો નફ્ફટ અને બેધડક રીતે ફરતા હોય છે. જેને મોટા ભાગના ગુજરાતીઓ રોગ માનતા નથી એ શરદી ખરેખર તો સંખ્યાબંધ રોગની માતા છે. શરદીમાં કમાલ એ છે કે એ જ્યાં ઘર બનાવે છે એમાંના કેટલાક ઘર તો એ ખાલી કરતી જ નથી. એટલે કે આજીવન ધામા નાખે છે. જેનું મૂળ કારણ અને મૂળ રોગ માત્ર શરદી હોય એ આગળ જતા શ્વાસના, ફેફસાના કફ અને પિત્તના.... એમ અનેક જીવલેણ રોગોનો પડાવ બને છે. કોઈ આયુર્વેદિક વિદ્વાનને પૂછો તો એ માત્ર શરદીમાંથી પ્રગટતા હજાર રોગાદિકના નામો આપશે. આપણી શરદીનો ઈતિહાસ બહુ લાંબો નથી. પ્રમુખ કારણ તો એ છે કે આપડે જાણતા જ નથી કે ગટરના પાણીમાંથી તૈયાર થતા શાકભાજી કોની થાળીમાં જાય છે. એ થાળી આપડી પણ હોઈ શકે છે. જેઓ અમેરિકા ગયા હોય એમને ખબર છે કે એના લીંબુ અને આદુ કેવા મઘમઘતા હોય છે. અમેરિકાના શાકભાજીના અસલ સ્વાદ અને એની મહેંકથી ભારત હજુ દાયકાઓ દૂર છે. જેણે પોતાના બાળકોનું ભવિષ્ય નીરોગી રાખવાની ઝંખના હોય એમણે આ શાકભાજી ક્યાંથી ઉગીને ઊભા થયા છે એની ખબર ન હોય ત્યાં સુધી એને સંતાનોના પેટમાં પ્રવેશવા ન દેવાય. ગટરના પાણીમાં કે પ્રદૂષિત નદીઓના કાંઠે ઉગેલા શાકભાજી આપડી રોગ પ્રતિકારક શક્તિને ખલાસ કરે છે અને પછી તો ડેન્ગ્યુ સહિતના કોઈ પણ રોગ થાય અને જિંદગીના વહાણને આમથી તેમ ફંગોળે. આ વખતે ડેન્ગ્યુમાં બાળકો ઉપરાંત કિશોરો અને યુવક-યુવતીઓએ પણ જિંદગી ગુમાવી છે. આપડી ટેલિવિઝન ચેનલો એ વાત બહુ ચાલાકીથી છુપાવે છે કે ગુજરાતમાં ડેન્ગ્યુ ખતરનાક હદે આગળ વધી ગયો છે. આ વખતે રોગચાળામાં કિશોરથી યુવાવય સુધીના લોકો પણ સપાટામાં આવ્યા તેનું એક મુખ્ય કારણ ફાસ્ટ ફૂડ છે. ફાસ્ટ ફૂડમાં અનેક પ્રિઝર્વેટિવ ( વસ્તુ ખરાબ ન થઈ જાય એ માટે ઉમેરાતાં કેમિકલ્સ ) અને અન્ય રાસાયણિક રંગો અને એસિડિક પદાર્થો ઉમેરવામાં આવે છે. ઉપરાંત એની રચના અને આહાર વચ્ચે બહુ મોટો સમયપટ પસાર થયો હોય છે. આપણે ત્યાં કેટલાક જૈન મુનિ મહારાજોએ આહાર વિજ્ઞાનનો બહુ નિષ્ઠા અને ખંતપૂર્વક પ્રચાર કર્યો છે. પરંતુ નવી પેઢી સુધી એ મેસેજ પહોંચ્યા નથી. એનું કારણ એ છે કે ગુજરાતી પરિવારોમાં જીભ માટે ચટાકેદાર અભિગમ રાખવામાં આવે છે. આપડી પરંપરા જ દે ધનાધન રહી છે અને એમાં આહાર સંયમ કે પ્રોટીન-વિટામિન વિચારનો કોઈ અત્તોપત્તો જ નથી. ગુજરાતીઓ યોગ પાછળ દોડતા જોવા મળે, પતંજલિની મલ્ટીનેશનલ કોર્પોરેટ હાટડીએ ટોળે વળેલા પણ દેખાય. વળી ઉનાળે ઓર્ગેનિક કેરી ગોતવા પણ દોડે. પણ ઘરમાં જુઓ તો છોકરાવ પાંચદસના પડીકા ચાવતા હોય અને તેલમાં ડૂબકીદાવ રમીને આવેલા ગાંઠિયા-ભજિયાનો વારંવારનો સમારંભ હોય. એક જમાનો હતો કે ઘરમાં પકવાનના ડબા ભરેલા હોય. આપણે ત્યાં સવારે શિરાવવાની અને બપોર પછી રોંઢો કરવાની જે પ્રથા હતી તે એટલે જ હતી કે મુખારવિંદમાં કંઈ આડુંઅવળું પધરાવવું ન પડે. વહેલી સવારે શિરાવવામાં અને રોંઢો કરવામાં હોય તો આંશિક અથવા ઉપભોજન. એના ફાયદાઓનો કોઈ પાર નથી. પરંતુ શિરાવવાની પ્રથા સદ્ભાગ્યે હજુ છે પરંતુ રોંઢો તો સાવ લાપતા જ થઈ ગયો છે. એની જગ્યાએ એટલે કે રોંઢાના રિપ્લેસમેન્ટમાં આપડે જે અખતરાઓ કર્યા છે એણે આપડા આરોગ્યની બરાબરની દશા બેસાડી છે. દેશના અનેક રાજ્યોની તુલનામાં ગુજરાતીઓ સુખી છે તે ગુજરાતમાં પણ અને મહારાષ્ટ્રમાં પણ. જેઓ એનઆરઆઈ એટલે કે બિન નિવાસી ગુજરાતીઓ છે તેઓ તેમને મળતા વિશુધ્ધ આહારને કારણે બચી ગયા છે. ગુજરાતની પ્રજાને આરોગ્યસુખ ક્યારે મળશે તે એક ગંભીર સમસ્યા છે. કારણ કે આપડી પોતાની ખાણીપીણીની કુટેવોમાંથી અનારોગ્યના સંયોગો વિકસેલા છે. ગુજરાતીઓ આરોગ્યના જ્ઞાન સામેનું અજબ કવચ ધરાવે છે. એમને કોઈ જ આરોગ્ય બોધ લાગવાનો નથી. સ્થૂળ કાયાઓની અલગથી વસ્તી ગણતરી જરૂરી થઈ ગઈ છે. કહીએ તો ખોટું લાગે છે પણ આડેધડ ખા-ખા કરીને મહાન માનવ શરીરના ઘાટ આપડે ફેરવી નાંખેલા છે. અને પછીય સમજણમાં તો બૃહદ શૂન્યનો મુકુટ ધારણ કરેલો છે. હાલતા તમને ડાયાબિટિસના દરદીઓ મળે ને બે ડગલા વધુ હાલો એટલે બ્લડપ્રેશર મળે. જમ્યા પહેલાની ટિકડીઓ અને જમ્યા પછીની...! વળી જો ક્યાંક ઓટલે બેઠા ભૂલમાંય આયુર્વેદની વાત કરો તો એવા બધા કૂદી પડે ને એમ લાગે કે ઓહોહો ગુજરાતમાં તો રેશનકાર્ડ દીઠ એક-એક વૈદરાજ છે. આવતીકાલના જે નાગરિકોનો ઉછેર આપડી નજર સામે થઈ રહ્યો છે એમને માર્ગ મળે અને કંઈક દિશા દેખાય એવું પણ આપડું વર્તન હજુ નથી. આહારની બાબતમાં તો જે સંતાનો એના પેરેન્ટસ્ ને નહિ અનુસરે એ જ સુખી થશે એમ કહીએ તો અતિશયોક્તિ થાય. શાળાએથી આવીને બાળક કહે કે મમ્મી મને મેગી બનાવી દે.... તો મમ્મી હજુ એ બાળકને ના પાડતા ન શીખી હોય તો નક્કી છે કે એવા એ સંતાનો પણ અન્ય ગુજરાતીઓની જેમ દવાખાને ધક્કા ખાતા બહુ વહેલી ઉંમરથી શીખી જશે.

ગુજરાતી ભોજનની જે પરંપરા છે એને તોડવા માટે ચાઈનિઝ અને પંજાબી પ્રણાલિકાઓનો આપણે ત્યાં ચારેબાજુ પડાવ છે. ગુજરાતી ભોજન ઘેરાઈ ગયું છે. અનેક પરિવારો તો પંજાબી અને ચાઈનિઝના ઘેલા છે. એ પણ ભોજન જ છે પરંતુ એમના હવામાન અને એમના સંજોગોમાં એ ચીની અને પંજાબી પ્રજા માટે છે. છતાં આપણે જિજ્ઞાસાના આસ્વાદ માટે ભલે ક્યારેક એ આરોગીએ તો કંઈ વાંધો નથી પરંતુ આપડે તો આપડા ગુજરાતી ભોજન પડતા મેલીને એને ગળે વળગાડેલા છે. દરેક પરિવારે આરોગ્ય પર સ્વતંત્ર રીતે વિચારીને સ્વયંશિસ્ત દાખલ કરવી જરૂરી છે. કારણ કે એના વિકરાળ પરિણામો હવે કેટલાક કુટુંબોમાં દેખાવા લાગ્યા છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# મધ્યપ્રદેશના દામોહ જિલ્લામાં પતિએ કુહાડીના ઘા ઝીંકી પત્ની અને ત્રણ બાળકોની હત્યા કરી

**પોલીસે આરોપી પતિની ધરપકડ કરી, હત્યાનું કારણ જાણવા તપાસ શરૂ**

દામોહ, તા.૧૯

મધ્યપ્રદેશના દામોહ જિલ્લાના કબીરપુર ગામમાં એક જ પરિવારના ચાર સભ્યોની હત્યાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. શનિવારે વહેલી સવારે એક વ્યક્તિએ સૂઈ રહેલી પત્ની અને ત્રણ બાળકો પર કુહાડીથી હુમલો કરી તેમની હત્યા કરી હતી. મૃતકોમાં ૨૭ વર્ષીય ખેમા પટેલ, તેની ૭ વર્ષીય પુત્રી ઉર્મિલા, ૪ વર્ષીય પુત્ર ઉમેશ અને ૧ વર્ષીય પુત્ર રાજાનો સમાવેશ થાય છે.



ઘટનાની જાણ થતાં મેગ્રોન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. શોધખોળ અને પૂછપરછ બાદ પોલીસે મૃતક બાળકોના પિતા દ્વારકા પટેલની ધરપકડ કરી છે. દામોહના પોલીસ અધિક્ષક આનંદ કલાડગીએ ઘટનાસ્થળની મુલાકાત લઈને તપાસની માહિતી મેળવી હતી. પ્રાથમિક તપાસમાં દંપતી વચ્ચે લાંબા સમયથી ઘરેલુ વિવાદ ચાલતો હોવાનું સામે આવ્યું છે. ખેમાએ છ મહિના અગાઉ પતિ વિરુધ્ધ પોલીસમાં ફરિયાદ પણ કરી હતી. જોકે, હત્યાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી અને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# પીએમ મોદીએ ૫૧ હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂંક પત્રો એનાયત કર્યા

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે યોજાયેલા રોજગાર મેળામાં ૫૧ હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. દેશભરમાં ૪૫ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ નવનિયુક્ત કર્મચારીઓને વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે,



આજે તમે એવા સમયે ભારત સરકાર સાથે જોડાઈ રહ્યા છો, જ્યારે દેશ એક મોટા લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાનું લક્ષ્ય છે, જેમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે નવનિયુક્ત કર્મચારીઓને સરકારમાં રહીને એવા નિર્ણયો લેવા આહ્વાન કર્યું હતું, જે વિકસિત અને આત્મનિર્ભર ભારતના અભિયાનને સતત મજબૂત બનાવે. નવનિયુક્ત કર્મચારીઓ ભારત સરકારના મહેસૂલ વિભાગ, રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ તથા સંરક્ષણ મંત્રાલય સહિતના વિવિધ વિભાગોમાં જોડાશે.

# ઉનાના મેઘનાથી પરિવારના ચાર તેજસ્વી તારલાઓનું સન્માન

ઉના, તા. ૧૯



ઊના તાલુકા દશનામ ગોસ્વામી સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. સામતેર ગામના સ્વ. વિનોદગિરિ ભૂપતગિરિ મેઘનાથીના ત્રણ સંતાનો તથા તેમના નાના ભાઈ હિતેન્દ્રગીરીની દીકરી સહિત એક જ પરિવારના ચાર સંતાનો મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા છે. આ સિદ્ધિ બદલ સમાજના પ્રમુખ દીપકગીરી ગોસ્વામી સહિત આગેવાનોએ પરિવારના ઘરે પહોંચી ચારેય વિદ્યાર્થીઓને મોમેન્ટો અને અભિનંદન પત્ર આપી સન્માનિત કર્યા હતા. સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવા બદલ માતાનું પણ સન્માન કરાયું હતું.

# જાપાનમાં એશિયન ગેમ્સનો પ્રારંભ, મનુ ભાકર અને પવન સેહરાવતે ભારતીય દળની આગેવાની કરી

ટોકિયો,તા.૧૯

એશિયાના સૌથી મોટા રમત મહોત્સવ ૨૦મી એશિયન ગેમ્સનો શનિવારે જાપાનના આઈચી-નાગોયામાં રંગારંગ અને હાઈટેક ઓપનિંગ સેરેમની સાથે સત્તાવાર પ્રારંભ થયો હતો. મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે જાપાનના સમ્રાટ નારુહિતોએ એશિયન ગેમ્સ-૨૦૨૬ને સત્તાવાર રીતે ખુલ્લી મૂકી હતી. પરેડ ઓફ




નેશન્સમાં ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા નિશાનેબાજ મનુ ભાકર અને સ્ટાર કબડ્ડી ખેલાડી પવન સેહરાવતે હાથમાં તિરંગો લઈને ભારતીય દળની આગેવાની કરી હતી. સમારોહમાં ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમદ અલ થાની, આઈઓસી પ્રમુખ કિર્સ્ટી કોવેન્ટ્રી અને જાપાની શાહી પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બે કલાક ચાલેલા સમારોહની શરૂઆત જાપાનના રાષ્ટ્રગીત અને ધ્વજવંદનથી થઈ હતી. આ પ્રસંગે ગેમ્સના સત્તાવાર મેસ્કોટ 'હોનોહોન'ની વિશેષ પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી, જે રમતવીરોના જુસ્સા, ઊર્જા અને સપનાનું પ્રતીક છે.

# તરશિંગડાની વિનય વિદ્યા મંદિરમાં 'વિકસિત ભારત-૨૦૪૭' અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

તરશિંગડા, તા.૧૯

જૂનાગઢ જિલ્લાના તરશિંગડા ગામની વિનય વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં 'વિકસિત ભારત-૨૦૪૭' અંતર્ગત




ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ૧૫ જેટલા વિવિધ વિષયો પર મનમોહક ચિત્રો દોરી પોતાની કલાત્મક પ્રતિભા દર્શાવી હતી. સ્પર્ધામાં લાલુકિયા હેમાંગીબેને પ્રથમ, લાલુકિયા તમન્નાબેને દ્વિતીય અને ભરડા ઉમંગભાઈએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. શાળાના આચાર્ય અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું.

# દીવના વણાકબારા દરિયામાં રાત્રે બોટમાંથી ખલાસી દરિયામાં ખાબક્યો, સવારે મળ્યો મૃતદેહ

ઉના,તા.૧૯

દીવના વણાકબારા દરિયામાં રાત્રિના સમયે બોટમાંથી એક ખલાસી અચાનક દરિયામાં પડી જતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં બોટમાં રહેલા અન્ય ખલાસીઓએ રાત્રિ દરમિયાન દરિયામાં શોધખોળ કરી હતી. જોકે, સવારે વણાકબારા વિસ્તારમાંથી ખલાસીનો મૃતદેહ મળી આવ્યો હતો.મળતી માહિતી



મુજબ, નાગવા ખાતેની 'ગજાનંદ' નામની DD-૦૨-MM-૧૭૬૫ નંબરની બોટમાં ખલાસી તરીકે કામ કરતા નારણભાઈ છના ખારા (ઉ.વ. ૪૩), રહે. ઝુડવડલી, રાત્રિના સમયે બોટમાં હાજર હતા. દરમિયાન તેઓ અચાનક દરિયામાં પડી ગયા હતા. રાત્રિના આશરે ૧૨ વાગ્યે અન્ય ખલાસીઓને નારણભાઈ નજરે ન પડતાં શોધખોળ શરૂ કરી હતી. સવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. બોટ માલિક રતનબાઈ લખમણ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી હેમંત સોરેનને મોટો ઝટકો, ઈડી કેસમાં હાઈકોર્ટે રાહત આપવાનો કર્યો ઈનકાર

રાંચી, તા.૧૯

ઝારખંડ હાઈકોર્ટે મુખ્યમંત્રી હેમંત સોરેનને ઈડીના મની લોન્ડરિંગ કેસમાં રાહત આપવાનો ઈનકાર કર્યો છે. ઈસીઆઈઆર કેસ નંબર ૬/૨૦૨૩માં આગળની કાર્યવાહી રોકવાની સોરેનની અરજી ન્યાયાધીશ સુજીત નારાયણ પ્રસાદે ફગાવી દીધી હતી. સોરેને દલીલ કરી હતી કે તેમની સામે કેસ ચલાવવા માટે સીપીસીની કલમ ૧૯૭ હેઠળ



જરૂરી સરકારી મંજૂરી લેવામાં આવી નથી. જોકે, હાઈકોર્ટે કહ્યું કે મંજૂરીના અભાવે સમગ્ર ટ્રાયલ રોકી શકાય નહીં. સોરેન સામેના આરોપો સત્તાવાર ફરજ સાથે સંબંધિત છે કે નહીં તે નક્કી કરવું હાલ વહેલું છે અને ટ્રાયલ દરમિયાન રજૂ થનારા દસ્તાવેજો તથા પુરાવા મહત્વપૂર્ણ રહેશે. હાઈકોર્ટે જણાવ્યું કે કાર્યવાહી રોકવા માટે પ્રથમદર્શી આધાર નથી. રાંચીની ખાસ પીએમએલએ કોર્ટમાં ૧૯ સપ્ટેમ્બરે આરોપ ઘડવાની કાર્યવાહી નક્કી છે. જમીનના કથિત ગેરકાયદેસર સંપાદન અને દસ્તાવેજો સાથે ચેડાંના આ કેસમાં સોરેનની ડિસ્ચાર્જ અરજી પણ અગાઉ ફગાવાઈ હતી.

# ઉનામાં પીએમ મોદીના ૭૬મા જન્મદિવસે ભવ્ય હવન અને દીપમાળા આરતી કરાઈ

ઉના,તા.૧૯

ઉના ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ભવ્ય હવન તથા ૨૫૧ દીપમાળા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉના નગરપાલિકા સદસ્ય રાજલબેન બારોટ, અલ્પેશભાઈ બાંભણિયા દ્વારા આયોજિત કાર્યક્રમમાં હવન-પૂજન કરી વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, સારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ગણપતિ દાદાની આરાધના સાથે ૨૫૧ દીપમાળાની આરતી કરવામાં આવતા સમગ્ર વાતાવરણ


તસવીર : કૈલાશ ભટ્ટ

ભક્તિમય બન્યું હતું. કાર્યક્રમમાં ભક્તો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આયોજનમાં યુવા કોળી સંગઠન પ્રમુખ અલ્પેશભાઈ બાંભણિયા, ચંદ્ર કિરણ ગ્રુપના યુવાનો, કાર્યકરો તથા મહિલા મંડળની બહેનોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

# ધોરાજીમાં ગુનાખોરી સામે એસઓજીનો અવેરનેસ કાર્યક્રમ

ધોરાજી ,તા.૧૯

રાજકોટ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા મદ્રેસા એ મિસકિન્યાહ ખાતે ગુનાખોરી અને છેતરપિંડી સામે જાગૃતિ લાવવા અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. પીએસઆઈ જી.જે. ઝાલાએ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ, આર્થિક છેતરપિંડી તથા નશાના દુષણથી દૂર રહેવા માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને જાગૃત નાગરિક


તસવીર : કુહાડીયા નયન

તરીકે સમાજમાં ગુનાખોરી અટકાવવામાં સહભાગી બનવા અપીલ કરાઈ હતી. કાર્યક્રમમાં સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા.

# કોડીનાર કૃષિવિજ્ઞાન કેન્દ્રમાં જૈવિક ખેતી અંગે પાંચ દિવસીય તાલીમ પૂર્ણ

કોડીનાર,તા.૧૯

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર ખાતે જૈવિક ખાતર, જૈવિક કીટનાશક તથા કમ્પોસ્ટના ઉત્પાદન અંગે યોજાયેલી પાંચ દિવસીય વ્યવસાયલક્ષી તાલીમનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. તાલીમનો હેતુ ગ્રામ્ય યુવાનોને જૈવિક ઉત્પાદનોના ઉત્પાદન અંગે વ્યવહારુ જ્ઞાન આપી સ્વરોજગાર અને ગૃહઉદ્યોગ તરફ પ્રોત્સાહિત કરવાનો હતો. તાલીમ દરમિયાન જૈવિક ખેતીનું મહત્ત્વ, જૈવિક ખાતર-કીટનાશકનું ઉત્પાદન, કમ્પોસ્ટ બનાવવાની પધ્ધતિઓ તેમજ સ્ટાર્ટઅપ અંગે માર્ગદર્શન અપાયું



તસવીર : કુલદીપ પાઠક

હતું. લીમડા સહિત વનસ્પતિજન્ય કીટનાશક બનાવવાની પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને વેરાવળની મહાકાળી કોકોનટ નર્સરીની શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવી હતી. વેરાવળ તાલુકાના ૩૦ યુવાનોને તાલીમ પૂર્ણ થયા બાદ પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. સમાપન પ્રસંગે જિતેન્દ્રસિંહ અને રમેશ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં આત્મનિર્ભર યુવા કિસાન ફોર વિકસિત ભારત કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ અમદાવાદના ગુલબાઈ ટેકરા સ્થિત સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ ખાતે કિસાન મોરચા ગુજરાતના 'આત્મનિર્ભર યુવા કિસાન ફોર વિકસિત ભારત' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના




માર્ગદર્શન અને કિસાન મોરચા પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરાના નેતૃત્વ હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. એગ્રીકલ્ચર રિસર્ચ અને રૂરલ ડેવલપમેન્ટ સેલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં આશરે ૫૦૦ યુવાનો જોડાયા હતા. યુવાનોને ઉદ્યોગસાહસિકતા, કૃષિ આધારિત વ્યવસાય, મૂલ્યવર્ધન, નવી ટેક્નોલોજી અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુવા ઉદ્યોગસાહસિક દીપ કોઠડિયાએ પોતાના વ્યવસાયિક અનુભવો રજૂ કર્યા હતા. ક્વિઝ, પ્રશ્નોત્તરી અને નાટ્યપ્રસ્તુતિ દ્વારા યુવાનોને પ્રેરણા આપવામાં આવી હતી. અંતે યુવાનોએ કૃષિને ટેક્નોલોજી સાથે જોડવાનો અને કૃષિ આધારિત વ્યવસાયને પ્રોત્સાહન આપવાનો સંકલ્પ લીધો હતો.

# કોડીનાર બસ સ્ટેન્ડ નજીક યુવાન પર ચાર શખ્સોએ ફાયરીંગ કર્યાનો આક્ષેપ

**પોલીસે ગણતરીના કલાકોમાં ચારેયને ઝડપી લીધા**

કોડીનાર, તા.૧૯

કોડીનાર શહેરમાં બસ સ્ટેન્ડ સામે મધરાત્રીના સમયે યુવાનને રોકી માર મારવા તેમજ ફાયરિંગ કર્યાના આક્ષેપથી ચકચાર મચી છે. બનાવ અંગે સાગર નરસિંહભાઈ શિયાળે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં ચારેયને ઝડપી લીધા



હતા.ફરિયાદ મુજબ, ગત રાત્રે આશરે દોઢ વાગ્યે સાગરભાઈ મોટરસાયકલ લઈને બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતા હતા. દરમિયાન કુલદીપભાઈ વાઢેર, બીપીનભાઈ વાઢેર, તુષાર ઉર્ફે ચંદુ ચુડાસમા અને રિપલ ગોહિલે તેમને રોકી જૂની અદાવતના મામલે માર માર્યો હતો. હુમલા દરમિયાન હથિયારથી ફાયરિંગ તથા તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યાનો પણ આક્ષેપ કરાયો છે. ઈજાગ્રસ્તને સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે. ફાયરિંગ થયું હતું કે કેમ તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# જૂનાગઢમાં નિવૃત એસ.ટી. કર્મચારીએ પત્ની સાથે ઝેરી દવા પીધી, બંનેના મોત

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢના ગેંડાગળ રોડ પર ટેલિફોન એક્સચેન્જ નજીક રહેતા નિવૃત્ત એસ.ટી કર્મચારી વનરાજસિંહ ઝાલા અને તેમની પત્ની રેખાબાએ ગત ૧૪ સપ્ટેમ્બરે પોતાના ઘરે ઝેરી ટીકડા ગટગટાવી લીધા હતા. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે પ્રથમ પત્ની રેખાબાનું



અને બાદમાં પતિ વનરાજસિંહનું મોત નીપજ્યું હતું. ૫૮ વર્ષીય વનરાજસિંહ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં સેવા આપ્યા બાદ નિવૃત્ત થયા હતા. તેઓ ૫૫ વર્ષીય પત્ની સાથે નિવૃત્ત જીવન વિતાવતા હતા. છેલ્લા કેટલાક સમયથી ઘરમાં આવકનું કોઈ સાધન ન હોવાથી દંપતી આર્થિક મુશ્કેલી અને માનસિક તણાવનો સામનો કરી રહ્યું હતું. વધતી મોંઘવારીના કારણે જીવન નિર્વાહ મુશ્કેલ બનતાં બંનેએ આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 'હરિત ઘર-સ્વસ્થ સમાજ' અભિયાનનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

અમદાવાદ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસની પૂર્વસંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આયોજિત 'હરિત ઘર-સ્વસ્થ સમાજ' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિકાસની સાથે પર્યાવરણ સંરક્ષણને પણ પ્રાથમિકતા આપવી જરૂરી છે. વડાપ્રધાનના 'મિશન



લાઈફ', 'કેચ ધ રેઈન' અને 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનો જનઆંદોલન બન્યાં છે. કિચન ગાર્ડનના ૭૬ હજાર રોપાંના વિતરણના અનોખા અભિયાન બદલ વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ ભાવેશ લાખાણીને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. મુખ્યમંત્રીએ પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત ૩૫ જેટલા સ્ટાર્ટઅપના સ્ટોલની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં મેયર હિતેશ બારોટ સહિત હોદ્દેદારો, યુવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મહામંત્રી સુધીર એસ. રાવલે અભિયાનની વિગતો રજૂ કરી હતી.

# રાજકોટમાં ૫૦૦ કિલોથી વધુ શંકાસ્પદ ઘી ઝડપાયું

રાજકોટ, તા.૧૯



રાજકોટ એસઓજીની ટીમે ભક્તિનગર વિસ્તારમાં કેવડાવાડી મેઈન રોડ પર આવેલા વોલ્ગા ઘી ડેપો ખાતે દરોડો પાડી ૫૦૦ કિલોથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ.૨,૮૩,૯૭૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસ દરમિયાન ભેળસેળયુક્ત ઘી વેચાતું હોવાની શંકા આધારે અલગ-અલગ બ્રાન્ડના સ્ટીકર પણ મળી આવ્યા હતા. આરોગ્ય વિભાગના ફૂડ વિભાગે લુઝ ઘી સહિત કુલ છ નમૂના લીધા હતા, જે પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલાયા છે. આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી નોંધ કરવામાં આવી છે. લેબોરેટરીના પરીક્ષણ બાદ ઘી સબ-સ્ટાન્ડર્ડ છે કે નહીં તે સ્પષ્ટ થશે.

# રાજયમાં આવેલા મોલ-કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં પાર્કિંગ ચાર્જ વસુલવા સુપ્રિમ કોર્ટે આપી મંજૂરી

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ સહિત ગુજરાતના મોલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં પાર્કિંગ ચાર્જને લઈને ચાલી રહેલા વિવાદમાં સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મોલ અને કોમર્શિયલ સ્થળોએ પાર્કિંગ ચાર્જ વસૂલવાનો માર્ગ ખુલ્યો છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટે મુલાકાતીઓ પાસેથી



પાર્કિંગ ફી વસૂલવા સામે આદેશ કર્યો હતો, જેને હવે સુપ્રીમ કોર્ટે રદ કર્યો છે. મળતી માહિતી મુજબ, આ મામલો લાંબા સમયથી કાનૂની વિવાદમાં હતો. વર્ષ ૨૦૧૯માં ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના મોલ અને મલ્ટિપ્લેક્સમાં પાર્કિંગ ફી અંગે હુકમ કર્યો હતો. ત્યારબાદ મોલ સંચાલકો દ્વારા મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ જવાયો હતો. હવે પાર્કિંગ ચાર્જ કેટલો લેવો અને કયા નિયમો લાગુ પડશે તે અંગે રાજ્ય સરકાર તથા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા નીતિ નક્કી કરવામાં આવશે. નવી પાર્કિંગ પોલિસી બન્યા બાદ ચાર્જ અને નિયમોની અંતિમ સ્પષ્ટતા થશે.

# સુરત રેલવે સ્ટેશન પર ગંદકી ફેલાવનારા ૧૦૧ મુસાફરોને દંડ

સુરત, તા.૧૯

સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સુરત રેલવે સ્ટેશન પર પાન-મસાલા ખાઈને થૂંકનારા અને ગંદકી ફેલાવનારા મુસાફરો સામે રેલવે પ્રશાસને મેગા ડ્રાઈવ યોજી હતી.

કમર્શિયલ વિભાગ અને આરપીએફની સંયુક્ત ટીમે ૧૨ કલાક સુધી સઘન ચેકિંગ હાથ ધરી નિયમોનું ઉલ્લંઘન કરનારા ૧૦૧ મુસાફરોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી કુલ રૂ.૧.૦૧ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. સ્ટેશન પર સ્વચ્છતા જળવાઈ રહે તે માટે મુસાફરોને ગંદકી ન કરવા અને પાન-મસાલાની પિચકારી ન મારવા સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્કાઉટ્સ અને ગાઈડ્સ દ્વારા શેરી નાટક યોજી સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. રેલવે પ્રશાસને મુસાફરોને સ્ટેશનને સ્વચ્છ રાખવા સહયોગ આપવા અપીલ કરી છે.

# લગ્ન બાદ પણ ખેડૂત પુત્રીનો જમીન પરનો હક યથાવત: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે ખેડૂત પરિવારની પુત્રીના જમીન સંબંધિત અધિકાર અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ખેડૂત પરિવારમાં જન્મેલી પુત્રી લગ્ન બાદ પણ પોતાના પિતૃક જમીન અધિકારથી વંચિત થતી નથી અને માત્ર લગ્નના આધારે તેનો



ખેડૂત તરીકેનો દરજ્જો સમાપ્ત થતો નથી.

જસ્ટિસ દિવ્યેશ એ. જોશીની ખંડપીઠે નોંધ્યું કે મહેસૂલી રેકોર્ડમાંથી મહિલાનું નામ છેતરપિંડી કે ગેરરીતિથી દૂર કરવામાં આવ્યું હોય તો તેનાથી તેના મૂળ કાયદાકીય અને વારસાગત હકો નાબૂદ થતા નથી. કોર્ટે પોરબંદર કલેક્ટરનો ૧૯ ઓગસ્ટ, ૨૦૧૬નો આદેશ રદ કરી અરજદાર મહિલાનું નામ મહેસૂલી રેકોર્ડમાં દર્શાવતી ૨૬ મે, ૧૯૯૦ની મૂળ નોંધો પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો.

# નાઈજીરીયન ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ, રૂ.૯.૨૫ કરોડના એમડી ડ્રગ્સ સાથે સપ્લાયર ઝડપાયો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદની નરોડા પોલીસે ચંડીગઢથી બેંગ્લોર સુધી ચાલતા એમડી ડ્રગ્સના આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કરી રૂ.૯.૨૫ કરોડની કિંમતના ૧.૮૫૦ કિલો એમડી ડ્રગ્સ સાથે બેંગ્લોરના સપ્લાયર નિખિલેશ કિષ્નપ્પાની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે નાના ચિલોડા પાસેથી આરોપીને ઝડપી લેવાયો હતો. તેની તલાશી દરમિયાન બે અલગ-અલગ પાર્સલમાંથી ડ્રગ્સનો જથ્થો



મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં આ નેટવર્કમાં નાઈજીરીયન સિન્ડિકેટની સંડોવણી સામે આવી છે. આરોપીની પૂછપરછમાં ચંડીગઢથી બે નાઈજીરીયન નાગરિકો ડ્રગ્સ મોકલતા હોવાનું અને બેંગ્લોરમાં 'ફ્રેન્ક' નામનો નાઈજીરીયન જથ્થો મેળવતો હોવાનું બહાર આવ્યું છે. પૂછપરછમાં આરોપી અગાઉ કોફી શોપમાં નોકરી કરતો હોવાનું અને ફ્રેન્કના સંપર્કમાં આવ્યા બાદ ડ્રગ્સ સપ્લાય સાથે જોડાયો હોવાનું જાણવા મળ્યું છે. એક ટ્રીપ માટે તેને રૂ.૧ લાખ મળતા હતા. તેણે અગાઉ દિલ્હીથી બેંગ્લોર ડ્રગ્સ પહોંચાડ્યું હોવાની કબૂલાત કરી છે.

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ શરૂ, ૩.૨૫ લાખ કિલો મોહનથાળ બનશે

અંબાજી, તા.૧૯

શક્તિપીઠ અંબાજી ખાતે ૨૦ સપ્ટેમ્બરથી સાત દિવસીય ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરાયું છે. મેળામાં ૩૫ લાખથી વધુ શ્રધ્ધાળુઓ આવવાની સંભાવનાને પગલે મંદિર ટ્રસ્ટ દ્વારા ૩.૨૫ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં



વિશેષ ડોમ તૈયાર કરી સ્વચ્છતા સાથે પ્રસાદ બનાવાશે. કામગીરીનું પ્રારંભ મહિલા અધિકારીઓ અને સફાઈ કર્મચારીઓની હાજરીમાં કરાયું હતું. પ્રસાદની ગુણવત્તા અને શુધ્ધતા જાળવવા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા સમયાંતરે સેમ્પલિંગ પણ કરવામાં આવશે.

# અંબાજીના ગબ્બરમાં પ્રોટેક્શન દીવાલ ધરાશાયી, ૧૫ વર્ષીય કિશોરનું મોત

અંબાજી, તા.૧૯

અંબાજીના ગબ્બર વિસ્તારમાં ભારે વરસાદને પગલે પ્રોટેક્શન દીવાલ ધરાશાયી થતાં ૧૫ વર્ષીય કિશોરનું મોત થયું છે. મળતી માહિતી મુજબ, ગબ્બર વિસ્તારમાં રહેતો વિશાલ શંકરભાઈ ભરથરી નજીકની લારી પાસે ઊભો હતો. તે દરમિયાન નબળી પડેલી દીવાલ અચાનક ધરાશાયી થતાં તેનો કાટમાળ લારી પર પડ્યો હતો અને વિશાલ પણ નીચે દબાઈ



ગયો હતો. સ્થાનિકોએ કાટમાળ હટાવી તેને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ઘટનાથી પરિવારમાં શોક છવાયો છે.

# સુરતમાં પાટીદાર સમાજમાં વિવાદોના ઉકેલ માટે 'સમાધાન પંચ' રચાયું

અમદાવાદ, તા.૧૯

સુરતના સમસ્ત પાટીદાર સમાજ દ્વારા છૂટાછેડા અને મિલકત સંબંધિત વિવાદોનું કોર્ટ-કચેરીની બહાર સમાધાન લાવવા 'સમાધાન પંચ'ની રચના કરવામાં આવી છે. જગદીશ ખૂંટના પ્રમુખપદે ૧૧ સભ્યોની કમિટી બનાવાઈ છે. પંચ સોમવારથી શનિવાર સુધી રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન કાર્યરત રહેશે. બંને પક્ષોને રૂબરૂ બોલાવી પરસ્પર સંમતિથી વિવાદો ઉકેલવાનો પ્રયાસ કરાશે. સમાજના યુવક-યુવતીઓ પોતાના સમાજમાં લગ્ન કરે તે માટે પણ પંચ દ્વારા પ્રયાસો કરવાના આવશે.

# રાજ્યમાં ધોધમાર વરસાદી રાઉન્ડ

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં અપર એર સાયક્લોનિક સિસ્ટમથી વાતાવરણ પલટાતાં બપોર પછી વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો છે. ૪૪ તાલુકામાં નોંધાયેલા વરસાદમાં નડિયાદમાં સૌથી વધુ ૨ ઈંચથી વધુ, જ્યારે ગીર ગઢડાના ખેતરોમાં પાણી ભરાયા હતા. અમદાવાદ અને અંબાજી હાઈવે પર મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા.





